*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




વીર સં. ૨૫૦૫, ડિસેમ્બર [ ૪૨૨ ] વર્ષ ૩૫ : અંક ૧૩

**સાગર ખારા સલિલ તૂફાની, મળ્યા હવે ગુરુ ખરા સુકાની,**
**ભવસાગર જો તરવા ચાહો, નૈયા પાર કરી લ્યો.**

ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઊકેલીને સત્ય શોધી કાઢયું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે. આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડયું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્‌ભુત છે. ‘આત્મા’ શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. ‘ચૈતન્ય છું’ ‘જ્ઞાયક છું’ –ઇત્યાદિ ઇત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હમેશાં ધોધ વરસે છે. ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે. પોતે પુરુષાર્થ કરી શીખી લેવા જેવું છે. અવસર ચૂકવાયોગ્ય નથી. ( ૩૬૭ )

પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, ઉત્તમ કુળ અને સત્ય ધર્મનું શ્રવણ ઉત્તરોત્તર દુર્લભ છે. આવા સાતિશય જ્ઞાનધારી ગુરુદેવ અને તેમની પુરુષાર્થપ્રેરક વાણીના શ્રવણનો યોગ અનંત કાળે મહાપુણ્યોદયે પ્રાપ્ત થાય છે. માટે પ્રમાદ છોડી પુરુષાર્થ કર. બધો સુયોગ મળી ગયો છે. તેનો લાભ લઈ લે. સાવધાન થઈ શુદ્ધાત્માને ઓળખી ભવભ્રમણનો નિવેડો લાવ. ( ૩૭૧ )

ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. આચાર્યભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે. પેંથીએ પેંથીએ તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવે છે. ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે. માલ ચોળીને, તૈયાર કરીને આપે છે કે “લે, ખાઈ લે” હવે ખાવાનું તો પોતાને છે. ( ૩૬૧ )

આત્માર્થીને શ્રીગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે. હું તો સેવક છું–એ દ્રષ્ટિ રહેવી જોઈએ. ‘હું કાંઈક છું’ એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે. સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે. ( ૩૩૭ )

– ‘બહેનશ્રીનાં વચનામૃત’

વાર્ષિક લવાજમ છ રૂપિયા વર્ષ ૩૫ અંક ૧૩




વીર સંવત ૨૫૦૫ A. D. 1978 DEC.

# મંગલ સુપ્રભાતની બોણી

આજે સુપ્રભાત છે, આપણે કળશટીકામાં સુપ્રભાત આવે છે. ત્યાં તો અનંત જ્ઞાન, અનંત દર્શનને સુપ્રભાત કહ્યું છે. પણ સમ્યગ્દર્શન થાય, એ પણ સુપ્રભાત–બીજરૂપે સુપ્રભાત છે. અખંડ આનંદ સ્વરૂપ પ્રભુ, એના આશ્રયે સમ્યગ્દર્શન થાય એ પણ એક સુપ્રભાત છે, એ દિવસ ઊગ્યો એને સુપ્રભાત છે. અહીં તો ૩૮ મી ગાથામાં ત્યાં સુધી કહ્યું છે ને !–કે પંચમ આરાના સંત–ગુરુ અપ્રતિબુદ્ધને સમજાવે છે, આહાહા ! અનાદિ અપ્રતિબુદ્ધ અજ્ઞાનીને ગુરુ વારંવાર સમજાવે છે, એનો અર્થ વારંવાર એ વિચાર કરે છે. પંચમકાળના શ્રોતાને ગુરુ સમજાવે છે. એ સાંભળીને, અંતર અનુભવીને, જેને સમ્યગ્દર્શન થાય છે એ શ્રોતા એમ કહે છે કે હું એક શુદ્ધ ચૈતન્યઘન છું, દર્શન–જ્ઞાન–ચારિત્રથી પરિણમિત છું અને તે પરિણમિત થયેલી ચીજ મને ફરી પાછી પડે એવો હું નથી. આહાહા ! પંચમઆરાના શ્રોતાની આ વાત ! ઓછી વાત નથી. આગમ યુક્તિથી ને અનુભવથી જે અમને આત્મજ્ઞાન થયું તે હવે અમને ફરીને પડવાનું નથી. ઓહોહો, પંચમઆરાના શ્રોતાની આ દશા ! ભલે કોઈ થોડા શ્રોતા પાકે પણ એ શ્રોતાની આવી જ દશા હોય. આહાહા;

શું શૈલી! જીવ અધિકાર પૂર્ણ કરતાં ૩૮ ગાથામાં, પંચમઆરામાં પણ આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેણે સાંભળ્યું, સાંભળીને જેણે મનન કર્યું, ધ્યાનમાં જેને પ્રાપ્ત થયું એ શ્રોતા એમ કહે છે કે અમારું આ સમ્યગ્દર્શન–જ્ઞાન અપ્રતિહત છે. એ પાછું ફરવાનું નથી. અરે પંચમઆરાના શ્રોતા ભગવાન પાસે ગયા નથી ને! કહે છે કે ભગવાન પોતે છે એની પાસે ગયો છે તેથી એને અંતરમાં એવું અપ્રતિહત દર્શન થયું છે. આહાહા! ગજબ વાત છે. એનું નામ જઘન્યભાવની–શરૂઆતની સુપ્રભાત કહેવામાં આવે છે.

ઉત્કૃષ્ટ ભાવરૂપ કેવળજ્ઞાન એ તો અત્યારે નથી છતાં પણ જે સમ્યગ્દર્શન પામેલ છે એને અલ્પ ભવમાં કેવળજ્ઞાન થવાનું જ છે, એમાં કાંઈ ફેરફાર છે જ નહીં તેથી તેને જે સુપ્રભાત ઉદ્યોત થવાનું છે એનું અત્યારે જ મંગલિક કરે છે કે અમે સર્વજ્ઞપણું પામવાના છીએ, અમને કેવળજ્ઞાન થવાનું છે. ઓહોહો! આનું નામ મંગલ સુપ્રભાત છે.

‘મમ્’ નામ પરનો અહંકાર, એને ‘ગલ’ નામ જેણે ગાળ્યો છે તે મંગલિક છે. આહાહા! રાગ ને પર્યાયનું અહમ્‌પણું એવો જે મિથ્યાત્વભાવ તેને, શુદ્ધ ચૈતન્યઘનમાં અહમ્‌પણું માનીને, જેણે ગાળ્યો તેને અહીંયા મંગલિક કહેવામાં આવે છે.

ખરેખર તો પંચપરમેષ્ઠી–અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું એ આત્માનું જ સ્વરૂપ છે–એમ યોગીન્દ્રદેવમાં આવે છે. આત્મામાં જ અર્હંતપણું, સિદ્ધપણું, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું –પંચપરમેષ્ઠીપણું ભરેલું છે. આત્મા પોતે જ પંચપરમેષ્ઠી સ્વરૂપ છે. આહાહા! એને (–આત્માને) અહીં મંગલિક તરીકે, ઉત્તમ તરીકે, શરણ તરીકે કહેવામાં આવ્યો છે.

(–પૂજ્ય ગુરુદેવશ્રી, નૂતન–વર્ષની વહેલી સુપ્રભાતે)

# વ્યવહારનય જાણેલો તે કાળે પ્રયોજનવાન

શ્રી સમયસારની ૧૧ મી ગાથામાં, ત્રિકાળી એકરૂપ જ્ઞાયકભાવની દ્રષ્ટિ કરાવવા તેને મુખ્ય કરીને સત્યાર્થ કહ્યો ને પર્યાયદ્રષ્ટિ છોડાવવા તેને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહ્યો. ત્યાં તો ભૂતાર્થની દ્રષ્ટિ કરાવવાના પ્રયોજનવશ તેમ કહ્યું છે. પરંતુ વ્યવહારનય બધોય અભૂતાર્થ કહેતાં સર્વથા નથી જ એમ કોઈ માની લ્યે તો તેને અહીં ૧૨ મી ગાથામાં કહે છે કે વ્યવહારનય જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. પ્રયોજનવાન છે એટલે?—કે વ્યવહારનય હેયરૂપી જાણીને છોડવારૂપ પ્રયોજનવાન છે ને નિશ્ચયનય આદરવારૂપ પ્રયોજનવાન છે.

ભૂતાર્થના આશ્રયે જે જીવ મધ્યમભાવને અનુભવે છે પણ ઉત્કૃષ્ટભાવ સુધી પહોંચ્યો નથી તે જીવને વર્તમાન અંશમાં થોડી શુદ્ધતા ને થોડી અશુદ્ધતા છે, તેને જાણેલા તે કાળે પ્રયોજનવાન છે. બીજે સમયે શુદ્ધતા વધી ને અશુદ્ધતા ઘટી એ જાણેલા તે કાળે પ્રયોજનવાન છે. '**व्यवहारदेशिता:**'-નો અર્થ 'વ્યવહારનયનો ઉપદેશ' એમ નથી પણ વ્યવહારનય જાણેલો તે કાળે પ્રયોજનવાન છે એમ તેનું વાચ્ય છે. વ્યવહારનય સર્વથા નથી જ એમ નથી–એટલું અહીં સિદ્ધ કરવું છે. પરંતુ વ્યવહારનય આદરણીય છે કે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય–એમ કહેવું છે જ નહિ.

જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય—એ બન્ને નયોને ન છોડો. એટલે કે બન્ને નયો છે ખરા, સર્વથા વ્યવહારનય છે જ નહિ એમ નથી, પરંતુ વ્યવહારનયને જાણેલો તે કાળે પ્રયોજનવાન છે એમ જાણો અને નિશ્ચયનયને આદરેલો પ્રયોજનવાન છે એમ જાણો.

(શ્રી સમયસાર, ગાથા ૧૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી)

"એ વ્યવહારનય પણ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે" એટલે કે જાણેલો તે કાળે પ્રયોજનવાન છે, આદરવા લાયક નથી. નિશ્ચયવાળાને થોડી શુદ્ધતા છે ને અશુદ્ધતા પણ છે તેને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. તેથી વ્યવહારનય સર્વથા નિષેધવાયોગ્ય નથી કે વ્યવહારનય છે જ નહીં. સમકિતીને પૂર્ણતા ન થાય ત્યાં સુધી વ્યવહાર હોય છે તેથી તે સર્વથા નથી એમ નિષેધ કરવા લાયક નથી. નિષેધ કરવા લાયક નથી એટલે આદરણીય છે કે ઉપાદેય પણ કથંચિત્ છે એમ નથી. સંતોને પણ વ્યવહાર આવે છે માટે લાભદાયી છે એમ નથી.

નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર નિષેધ કરવા લાયક છે પણ વ્યવહાર–વ્યવહારની અપેક્ષાએ છે, પણ તે જાણેલો પ્રયોજનવાન છે એ વાત કહે છેઃ

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

જે જીવ શુદ્ધનય સુધી પહોંચી ગયા છે એટલે કે કેવળજ્ઞાન થાય ત્યારે આશ્રય લેવાનું પૂરું થયું ત્યારે શુદ્ધનય પૂર્ણ થઈ કહેવાય. જેને અંતરમાં પૂર્ણ દશા થઈ ગઈ તેને તો આશ્રય કરવાનું રહ્યું નથી તેથી તેને તો શુદ્ધનય જાણવા યોગ્ય છે. વળી જેને સ્વના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થયું છે પણ પૂર્ણતા થઈ નથી તેથી પર્યાયમાં જે અશુદ્ધતા છે તેને તે કાળે જાણવી પ્રયોજનવાન છે.

દર્શન–જ્ઞાન–ચારિત્ર થયા છે છતાં પૂર્ણતા થઈ નથી તેથી જેટલી શુદ્ધતા ને અશુદ્ધતા છે તે કાળે તે જાણેલા પ્રયોજનવાન છે. બીજા સમયમાં શુદ્ધતા વધી ને અશુદ્ધતા ઘટી તે જાણેલા તે કાળે પ્રયોજનવાન છે. ત્રીજા સમયમાં શુદ્ધતા વધી ને અશુદ્ધતા ઘટી તે જાણેલા તે કાળે પ્રયોજનવાન છે. વ્યવહારનો ઉપદેશ–એ તો શબ્દ છે, તેનું વાચ્ય એ છે કે તે કાળે જેટલો રાગ થાય તે જાણેલો પ્રયોજનવાન છે.

જેણે સ્વનો આશ્રય લીધો છે પણ હજુ કેવળજ્ઞાન આદિ રૂપ પરમ દશા નથી એવા નીચલી ભૂમિકાવાળા જીવે જે અપૂર્ણતા છે તેને જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. જેને સમ્યગ્દર્શન થયું છે ને પૂર્ણતા થઈ નથી તે જીવને વ્યવહાર હોય છે. તેને તે કાળે જાણવો પ્રયોજનવાન છે પણ વ્યવહાર દેખાડવો એટલે કે આશ્રય કરવો પ્રયોજનવાન નથી. ધર્મીને પૂર્ણતા થઈ નથી તેને તે કાળે રાગની મંદતાનો સહચર ભાવ આવ્યા વિના રહેતો નથી, તેથી તેને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે, પણ આદરેલો પ્રયોજનવાન છે એમ નથી, પૂર્ણ વીતરાગ ન થાય તેને રાગની મંદતાનો ભાવ આવ્યા વિના રહેતો નથી,

તેને તે કાળે જાણવો, પણ તે આદરણીય છે એમ છે જ નહીં.

મુનિને પણ મહાવ્રત આદિનો જે વિકલ્પ ઊઠે તેને પણ જગપંથ કહ્યો છે તો વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એ તો મિથ્યાત્વનો મોટો જગપંથ છે. અહીં, સર્વજ્ઞ થઈ ગયા તેની તથા મિથ્યાદ્રષ્ટિ છે તેની તો વાત નથી પણ જે સાધક છે તેને સાધક અવસ્થામાં જેટલી બાધક અવસ્થા ઊભી છે એ બાધક અવસ્થાને જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. વર્તમાન સાધક અવસ્થામાં ઊભા છે તથા મિથ્યાત્વની બાધક અવસ્થા તો નાશ કરી છે પણ અસ્થિરતાની બાધક–અવસ્થા ઊભી છે તેને જાણેલો પ્રયોજનવાન છે. સાધકને વ્યવહાર આવે છે તેથી વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. સાધક જીવને તે કાળે વ્યવહાર હોય છે. તેને જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.

શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો તે જઘન્યભાવ છે, તે તો પહેલાં સમયે હોય છે, પછી તો મધ્યમ ભાવનો અનુભવ હોય છે. કેમ કે જ્યાં સુધી કેવળજ્ઞાન નથી ત્યાં સુધી મધ્યમભાવનો અનુભવ છે, જઘન્યભાવ તો સમકિતીને પહેલાં સમયે હોય છે. આસ્રવ અધિકારમાં તો ઉત્કૃષ્ટભાવની નીચેનો બધો ભાવ જઘન્યભાવ કહ્યો છે. અહીં સમકિતના પહેલાં સમયને જઘન્યભાવ કહ્યો છે. તેથી સર્વજ્ઞ ન થાય ત્યાં સુધીની અનુત્કૃષ્ટ દશાનો–મધ્યમભાવનો સમકિતીને અનુભવ હોય છે.

જેમ જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા અર્થાત્ સોળવલા શુદ્ધ સુવર્ણને અનુભવે છે તેને વચલા પાકનો–અશુદ્ધ સુવર્ણનો અનુભવ નથી. તેમ શુદ્ધ દ્રવ્યને અનુભવનારને – અચલિત અખંડ એક સ્વભાવભાવ પ્રગટ કર્યો છે એવા કેવળીને શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન છે. કેવળીને તો શુદ્ધનયનો આશ્રય પૂર્ણ થઈ ગયો છે તો તેને જાણવો ક્યાં રહ્યો ? કે હા, જાણે છે. કેવળીને નય રહ્યો નથી છતાં ૧૪૩ ગાથામાં કેવળી પણ નિશ્ચય–વ્યવહારના સ્વરૂપને જાણે છે તેમ કહ્યું છે. કેવળીને નિશ્ચય વ્યવહાર છે નહીં પણ જેમ હતું તેમ જ્ઞાનમાં જાણે છે. અહીં ૧૨મી ગાથામાં પણ કેવળીને શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન કહ્યું છે. શુદ્ધનય કેવળીને નથી પણ શુદ્ધનયને કેવળી જાણનાર છે. કેવળીને શુદ્ધનયનો આશ્રય પૂર્ણ થઈ ગયો છે તેને તે જાણે છે.

શુદ્ધનય તો ચોથે ગુણસ્થાનથી લાગુ પડે છે. ભૂતાર્થનો આશ્રય થયો ત્યારથી–ચોથે ગુણસ્થાનથી શુદ્ધનય લાગુ પડે છે. સર્વજ્ઞ સ્વભાવભાવની દ્રષ્ટિ થઈ ત્યારથી સમ્યગ્દર્શન થયું, પહેલે સમયે જઘન્યભાવ હોય ને પછી તરત વધી જાય છે, તેથી તેને મધ્યમભાવનો અનુભવ હોય છે. કેવળીને શુદ્ધનયનો આશ્રય પૂરણ થયો હોવાથી આશ્રય કરવો રહ્યો નથી. તેથી કેવળીને શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન છે એમ કહેવાય છે.

સમકિતીને પહેલે સમયે જ જઘન્ય દશા હોય છે ને પૂર્ણ દશા થઈ નથી તેથી સમકિતીને મધ્યમભાવનો જ અનુભવ હોય છે, અને આ મધ્યમભાવને આસ્રવ–અધિકારમાં ઉત્કૃષ્ટ–પૂરણભાવની અપેક્ષાએ જઘન્યભાવ કહ્યો છે.

સર્વજ્ઞ પરમાત્માને તો અચલિત એક સ્વભાવભાવ પ્રગટ થયો છે તે શુદ્ધનયને જાણે છે. શુદ્ધનય છે નહીં માટે જાણે નહીં એમ નથી. પરંતુ શુદ્ધનયનો આશ્રય કેવળીને પુરો થઈ ગયો છે તેથી કેવળી શુદ્ધનયને જાણે છે. શુદ્ધનયનો આશ્રય લેવાપણું કેવળીને રહ્યું નથી તેથી તે જાણેલો પ્રયોજનવાન છે. શ્રુતજ્ઞાનના અવયવભૂત નિશ્ચય ને વ્યવહાર બન્નેના સ્વરૂપને કેવળી જાણે છે તેમ ગાથા ૧૪૩ માં કહ્યું છે અને અહીં મધ્યમભાવવાળાને હજુ વ્યવહારનય છે તે બતાવ્યો છે તેથી કેવળીને શુદ્ધનય પૂરણ થયો છે તેને તે જાણે છે તેમ લીધું છે. શુદ્ધનયનો આશ્રય પૂર્ણ થઈ ગયો છે એવા કેવળીને તે જાણેલો પ્રયોજનવાન છે તેમ કહ્યું એટલે કે કેવળી શુદ્ધનયને જાણે છે. શુદ્ધનયનો પૂરણ આશ્રય થઈ જતાં આશ્રય કરવો રહેતો નથી તેથી શુદ્ધનયને જાણે છે, જાણવા લાયક છે તેમ કહ્યું.

સમ્યગ્દ્રષ્ટિને જઘન્યભાવનો પણ અનુભવ નથી કેમ કે તે ભાવ તો પહેલે સમયે વીતી ગયો છે ને પૂરણ–ઉત્કૃષ્ટભાવ પ્રગટ થયો નથી તેથી ચોથે ગુણસ્થાનથી જ મધ્યમભાવનો અનુભવ છે. સમ્યગ્દ્રષ્ટિ પોતાના સ્વભાવના આશ્રયે વર્તે છે ને પૂરણતા થઈ નથી ત્યાં સુધી તેને મધ્યમભાવનો–અનુત્કૃષ્ટભાવનો અનુભવ હોય છે, ઉત્કૃષ્ટભાવનો અનુભવ ન હોવાથી, અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી; અશુદ્ધ દ્રવ્ય એટલે ? દ્રવ્ય તો શુદ્ધ જ છે પણ શુદ્ધતાનો અંશ છે અને હજુ અશુદ્ધતાનો પણ અંશ છે તેથી અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી, અનેક પ્રકારની અશુદ્ધતા અને શુદ્ધતાના અંશો દેખાડનાર વ્યવહારનય છે. અશુદ્ધ દ્રવ્યને કહેનાર એટલે કે દ્રવ્યની શુદ્ધ પર્યાય અને અશુદ્ધ પર્યાયને દેખાડનાર વ્યવહારનય છે તેને જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. "**व्यवहारदेशिता:**" માં કુંદકુંદાચાર્યે જે કહ્યું છે તે અમૃતચંદ્રાચાર્ય ટીકામાં ખુલ્લું કરે છે. "**व्यवहारदेशिता:**" એટલે વ્યવહારનો ઉપદેશ એમ નહીં પણ વ્યવહારને જાણેલો તે કાળે પ્રયોજનવાન છે એમ તેનો અર્થ છે એમ અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે. શુદ્ધતા છે ને સાથે હજી અશુદ્ધતા છે, તેને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે.

કોઈ એમ કહે કે સાતમેથી જ શુદ્ધનય છે અને તેનાથી નીચલાવાળાને ચોથેથી વ્યવહારનય જ છે, તો એમ છે જ નહીં, ચોથેથી જ શુદ્ધનય છે.

સર્વજ્ઞને શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન છે એટલે શું ? કે શુદ્ધનયનો તેમને આશ્રય રહ્યો નથી પણ પર્યાયમાં શુદ્ધનયનું પુરું રૂપ આવ્યું તેને સર્વજ્ઞ જાણે છે. જેને પૂરણ

દશા થઈ નથી તેને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહેવો છે. એટલે શું ?–કે તેની દ્રષ્ટિ તો ધ્રુવ ઉપર જ છે પણ દશામાં જે વ્યવહારનય છે તેને જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.

જેણે નિજ આત્માનો આશ્રય લીધો ને સમ્યગ્દર્શન થયું છે પણ પૂરણ શાંતિ નથી તેને પર્યાયમાં શાંતિનો ભેદ તથા અશાંતિ છે, તેને બતાવનાર વ્યવહારનય જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. **"व्यवहारदेशिताः"** નો અર્થ શું ?–કે વ્યવહારને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે એમ તેનો અર્થ છે, વ્યવહારનો ઉપદેશ કરવો એમ તેનો અર્થ છે જ નહીં. જઘન્યદશા ઓળંગીને મધ્યમદશામાં આવ્યો છે તેને જુદી જુદી દશાઓ છે—એકરૂપ પૂરણદશા નથી—તેને જાણેલો તે કાળે પ્રયોજનવાન છે તેમ તેનો અર્થ છે.

પર્યાયમાં શુદ્ધતા ને અશુદ્ધતા છે એવી ભિન્ન ભિન્ન દશાને જાણવી તેને વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન કહે છે. પર્યાયના ભેદોને જાણે તે વ્યવહારનય કહેવાય ને ત્રિકાળીને જાણે તે નિશ્ચયનય કહેવાય. એક જ સમયે જુદા જુદા ભાવો વર્તે છે તેને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. ત્રિકાળીને જાણવું તે નિશ્ચય છે ને વર્તમાનમાં શુદ્ધતા ને અશુદ્ધતાના જુદા જુદા અંશ છે તેને તે કાળે જાણેલા પ્રયોજનવાન છે. હેય –ઉપાદેય એ પછી પ્રશ્ન છે, પણ એ છે તેને જાણવા તેટલી વાત છે.

વ્યવહાર છે તેને જાણેલો પ્રયોજનવાન છે પણ વ્યવહારથી નિશ્ચય થાય છે એમ કહેતાં જ નથી, કેમ કે બન્ને નયના વિષયો વિરુધ્ધ છે. એ રીતે બન્ને નયો પોતપોતાના સમયમાં કાર્યકારી છે. દ્રષ્ટિનો વિષય છે તે નિશ્ચય છે ને પર્યાયના ભેદ પડે છે તે વ્યવહાર છે. નિશ્ચયનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે ને વ્યવહારનો વિષય છે તે વર્તમાન પર્યાય છે. પોતપોતાના સમયમાં બન્ને નયો કાર્યકારી છે એટલે કે નિશ્ચયનય છે તે આદરણીય છે ને વ્યવહારનય છે તે જાણવા લાયક છે. આ રીતે બન્ને નયો પોતપોતાના સમયમાં કાર્યકારી છે. કારણ કે તીર્થ અને તીર્થફળની એવી વ્યવસ્થિતિ છે. જેનાથી તરાય તે તીર્થ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો જે માર્ગ છે તેનાથી તરાય છે. એ પર્યાય છે, સદ્ભૂત વ્યવહાર છે અને એનું ફળ કેવળજ્ઞાન એ વ્યવહારધર્મનું ફળ છે. મોક્ષમાર્ગ તે પર્યાય છે માટે વ્યવહાર છે અને તેના ફળ તરીકે કેવળજ્ઞાન એ પણ વ્યવહાર છે.

શુદ્ધ ચૈતન્યદ્રવ્ય–ગહન ને ગંભીર ચીજ તેની દ્રષ્ટિ થતાં, જેની દ્રષ્ટિ થઈ તે નિશ્ચય છે અને દ્રષ્ટિ–વર્તમાન પર્યાય તે વ્યવહાર છે. જેનાથી તરાય એટલે કે મોક્ષનો માર્ગ તે પર્યાય છે પણ તેનાથી તરાય છે, એ તરવાનો ઉપાય છે–એવો વ્યવહારધર્મ છે અને તેનું ફળ કેવળજ્ઞાન એ પણ પર્યાય છે, એ પણ વ્યવહાર છે. મોક્ષનો માર્ગ પર્યાય છે, તેનાથી તરાય છે તેથી તે તીર્થ છે અને તેનું ફળ પણ વ્યવહાર છે એટલે કે મોક્ષમાર્ગની પર્યાયનું ફળ મોક્ષ છે. બન્ને પર્યાયો છે તેથી તીર્થ પણ વ્યવહાર છે ને તેનું ફળ મોક્ષ પણ વ્યવહાર છે.

મહા આશ્ચર્યકારી પ્રભુના આશ્રયે, જે પર્યાય નહોતી ને થઈ તે વ્યવહાર છે અને જે છે છે ને છે એ ત્રિકાળી વસ્તુ નિશ્ચય છે. નિશ્ચયના આશ્રયે જે પર્યાય નહોતી ને થઈ એવી પર્યાય તે વ્યવહાર છે, તે વ્યવહાર–ધર્મ છે અને તેનાથી પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે.

બીજે પણ કહ્યું છે કે જો તમે જિનમાર્ગને પ્રવર્તાવવા માગતા હો એટલે કે જે રીતે જિન–આજ્ઞા છે તે રીતે તેને પ્રવર્તાવવા માગતા હો તો વ્યવહાર અને નિશ્ચય બન્નેને ન છોડો. વ્યવહાર છે જ નહીં, પર્યાય છે જ નહીં એમ ન માનો કેમ કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની જે ભેદરૂપ દશા છે તે વ્યવહાર ધર્મ છે.

મોક્ષનો માર્ગ છે તે પર્યાય છે અને તેની સાથે વ્રતાદિનો વિકલ્પ હોય છે તે પર્યાય છે, તે અનેકરૂપ ભાવો છે, તેને જાણવું તે વ્યવહાર છે. ખરેખર તો પ્રગટે ને નાશ થાય તે વ્યવહાર છે ને ધ્રુવ જેમાં નાશ થવું, ઉત્પન્ન થવું કે બદલવું નથી એ અનંતગુણનો રાશિ પ્રભુ તે નિશ્ચય છે. પંચાધ્યાયીમાં સ્પષ્ટ લખ્યું છે પર્યાય તે વ્યવહાર ને દ્રવ્ય તે નિશ્ચય. અહીં સમયસારની ૧૧ મી ગાથામાં પણ બધોય વ્યવહાર અભૂતાર્થ કહીને તેનો નિષેધ કર્યો છે. જે કાયમી છે તે નિશ્ચય છે ને જે થાય ને જાય એટલે કે સંસારનો પર્યાય થાય ને જાય છે ને મોક્ષનો પર્યાય થાય છે તે વ્યવહાર છે. આવી ગંભીરતાની હદ લેવા જાય ત્યાં દ્રષ્ટિ અંદરમાં ઊતરી જાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાનની પર્યાય પણ બેહદ છે કેમ કે એક સમયની તે પર્યાય અમાપ એવા ગુણ અને તેના બેહદ સામર્થ્યને જાણીને માની લ્યે છે એ પર્યાય કેવડી મોટી! ને તેના અવિભાગ પ્રતિચ્છેદ પણ અનંત છે. એવી પ્રગટેલી પર્યાય તે વ્યવહાર છે ને તેની સાથે જે વ્રતાદિનો વિકલ્પ રહે તે અસદ્ભુત વ્યવહાર છે પણ તે કાંઇ વ્યવહાર ધર્મ નથી, તેમ તેનું ફળ કાંઈ કેવળજ્ઞાન નથી. પરંતુ નિર્મળ પરિણતિરૂપ જે વ્યવહારધર્મ છે તેની સાથે વ્રતાદિના વિકલ્પરૂપ વ્યવહાર હોય છે તેને ઉપચારથી વ્યવહારધર્મ કહ્યો છે. પરંતુ વાસ્તવિક વ્યવહારધર્મ તો ત્રિકાળી વસ્તુની પ્રતીતિ ને જ્ઞાન જે પર્યાય કરે છે તે પર્યાયને વ્યવહારધર્મ કહે છે. એકલા વ્રત–તપ આદિના વિકલ્પો ઊઠે છે તે તો બંધનું કારણ છે, તે કાંઈ મોક્ષનું કારણ પણ નથી કે તેનું ફળ મોક્ષ પણ નથી, એ તો બંધનું કારણ છે.

એ રીતે વ્યવહાર ને નિશ્ચય બન્ને નયોને ન છોડો, કેમ કે વ્યવહાર વિના તીર્થનો નાશ થઈ જશે અને નિશ્ચય વિના જે વસ્તુ છે, પૂરણ સત્ જે વસ્તુ છે તેનો નાશ થઈ જશે એમ સમજવું.

## દેવ-ગુરુ માર્ગ દેખાડે છે કે શુદ્ધ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ દે

**શુદ્ધ દ્રવ્ય પર દ્રષ્ટિ દેતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે. તે ન પ્રગટે ત્યાં સુધી અને પછી પણ દેવ–શાસ્ત્ર–ગુરુનો મહિમા, સ્વાધ્યાય આદિ સાધન હોય છે. બાકી, જે જેમાં હોય તેમાંથી તે આવે છે, જે જેમાં ન હોય તેમાંથી તે આવતું નથી. અખંડ દ્રવ્યના આશ્રયે બધું પ્રગટે. દેવ–ગુરુ માર્ગ બતાવે, પણ સમ્યગ્દર્શન કોઈ આપી દેતું નથી. ૮૫.**

(‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

નિત્યાનંદ ધ્રુવ, શુદ્ધ ચૈતન્ય, શાંત ને આનંદરસથી ભરેલા દ્રવ્ય ઉપર દ્રષ્ટિ દેતાં સમ્યગ્દર્શન–જ્ઞાન પ્રગટશે. રાગ ઉપર નહીં, પર્યાય ઉપર નહીં, ગુણભેદ ઉપર નહીં પણ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ઉપર દ્રષ્ટિ દેતાં સમ્યગ્દર્શન થશે. સમ્યગ્દર્શન ન પ્રગટે ત્યાં સુધી અને પ્રગટ થયા પછી પણ દેવ–શાસ્ત્ર–ગુરુનો મહિમા આવે છે, શાસ્ત્રનું શ્રવણ, ગુરુનો સત્ સમાગમ આદિનો વિકલ્પ હોય છે, તે નિમિત્ત તરીકે હોય પણ તેનાથી ધર્મ થતો નથી.

સમ્યગ્દર્શન થયા પહેલાં ને પછી પણ સર્વજ્ઞનો, ગુરુનો મહિમા–ભક્તિ આદિનો વિકલ્પ આવે છે પણ જે જેમાં હોય તે ત્યાંથી આવે છે એટલે કે શક્તિમાં છે ત્યાંથી સમ્યગ્દર્શન પ્રગટ થશે પણ રાગમાંથી સમ્યગ્દર્શન નથી આવતું. અખંડ ચૈતન્યદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આદિ પ્રગટ થાય છે. ભગવાન આત્મામાં દર્શન–જ્ઞાન–ચારિત્ર પરિપૂર્ણ ભર્યા પડયા છે તેથી તેના આશ્રયે તેમાંથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આવે છે પણ રાગમાં તે નથી તેથી તેમાંથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આવતા નથી.

આ તો અનુભવીની અમૃતવાણી છે. બહુ સાદી ભાષામાં આ વાણી આવી છે. કહે છે કે રાગમાં, વ્યવહારમાં, સમ્યગ્દર્શન–જ્ઞાનની શક્તિ નથી તેથી તેના આશ્રયે સમ્યગ્દર્શન ન થાય, પરંતુ દર્શન–જ્ઞાન–ચારિત્રની શક્તિ તો આત્મામાં છે તેથી અખંડ દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આદિ બધું પ્રગટ થાય છે. આહાહા! આ વાત તો

(અનુસંધાન પાના ૧૬ ઉપર)

## બધી ચિંતા છોડીને એક આત્માને જ પકડ!

**આત્મા જ એક સાર છે, બીજું બધું નિઃસાર છે. બધી ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર. ગમે તેમ કરીને ચૈતન્યસ્વરૂપ આત્માને વળગ; તો જ તું સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકીશ. ૯૬.**

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

એક આત્મા જ સાર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ સાર નથી. એક સમયની પર્યાય પણ સાર નથી. સારમાં સાર તો એક આત્મા જ છે. ચૌદ બ્રહ્માંડમાં સારમાં સાર એક આત્મા જ છે. એ સિવાય બીજું બધું નિઃસાર છે. પૈસા, લક્ષ્મી, ચક્રવર્તીપદ, ઇન્દ્રપદ એ બધું નિઃસાર છે. ચૈતન્ય બાદશાહ એક જ જગતમાં સાર છે. અનાકુળ આનંદનો કંદ, ધ્રુવ સામાન્ય વસ્તુ તે એક જ સાર છે. ચક્રવર્તીપદ કે ઇન્દ્રનું ઇન્દ્રાસન તે પણ સાર નથી. એક આત્મા જ સાર છે. અન્ય સર્વે નિઃસાર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પણ નિઃસાર છે. તેથી બધી જ ચિંતા છોડીને અંતર્મુખમાં લાગી જવાની ચિંતા કર. વ્યવહાર રત્નત્રયની પણ ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર. ગમે તેમ કરીને એટલે કે પ્રયત્ન કરીને ચૈતન્ય સન્મુખ થઈને આત્માને વળગ. જ્યાં ભગવાન સ્વરૂપ બિરાજમાન છે એવા આત્માની સન્મુખ થા ને અન્યથી વિમુખ થા.

તારી ચિંતા પરમાં નિર્થક જશે ને સ્વરૂપની ચિંતા સાર્થક થશે. દયા–દાન આદિના રાગની પકડ રાખી છે તેથી તારી પકડવાની શક્તિ તો છે તો હવે જ્યાં અનંત ચૈતન્યરત્નો ભર્યા પડયા છે તેને પકડ. માટે ચૈતન્યસ્વરૂપ, જાણન–દેખનના પુંજસ્વરૂપ આત્મા જે સર્વસ્વ સાર છે તેને પકડ. પકડ એટલે કે તેમાં એકાગ્ર થા. રાગમાં એકાગ્ર થતો હતો તો હવે ચૈતન્યસ્વરૂપ આત્મામાં એકાગ્ર થા.

એકલાને પકડ તો એકલો થઈ જઈશ, સંયોગને પકડીશ તો સંયોગ મળશે. તારી ચીજની પકડ વિના, તારી ચીજના અનુભવ વિના, રાગની એકાગ્રતાથી તને ગતિમાં રખડવું પડશે. સંયોગીભાવના ફળમાં સંયોગ મળશે અને સ્વભાવભાવની દૃષ્ટિના ફળમાં સ્વભાવભાવ મળશે.

(અનુસંધાન પાના ૨૦ ઉપર)

# આશ્ચર્યકારી આત્મા જ સર્વોત્કૃષ્ટ છે

**આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે. જગતમાં તેનાથી ઊંચી વસ્તુ નથી. એને કોઈ લઈ જઈ શકતું નથી. જે છૂટી જાય છે તે તો તુચ્છ વસ્તુ છે; તેને છોડતાં તને ડર કેમ લાગે છે? ૧૦૨.**

(‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

પર્યાયની બાજુમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે તે સર્વોત્કૃષ્ટ ચીજ છે. આશ્ચર્યકારી ચીજ છે. પોતાનો સર્વોત્કૃષ્ટ ભગવાન આત્મા સિદ્ધની પર્યાય કરતાં પણ સર્વોત્કૃષ્ટ છે કેમ કે સિદ્ધદશા એ તો એક સમયની પર્યાય છે ને આત્મા તો એવી અનંતી સિદ્ધ પર્યાય તેમાંથી પ્રગટે એવું દ્રવ્ય છે તે સર્વોત્કૃષ્ટ છે. અપરિમિત, અમર્યાદિત, જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિનો પિંડ સર્વોત્કૃષ્ટ આત્મા છે. સર્વોત્કૃષ્ટ ચીજને જે દ્રષ્ટિ સ્વીકારે તે સમ્યક્ દ્રષ્ટિ છે, પર્યાયને ને ગુણભેદને સ્વીકારે તે દ્રષ્ટિ સમ્યક્ નથી.
જેમાં અનંત ગુણો વસી રહ્યાં છે એવી સર્વોત્કૃષ્ટ વસ્તુ આત્મા છે, તેના આશ્ચર્યની શી વાત! કલ્પવૃક્ષ તો જડના ફળ દે છે. પણ આ ચૈતન્યકલ્પવૃક્ષનો જ્યાં સ્વીકાર આવ્યો ત્યાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ પર્યાયમાં આવે છે. એક ન્યાયે તો કેવળજ્ઞાનની પર્યાયને પણ પરદ્રવ્ય કહ્યું છે. કેમ કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી પર્યાય આવતી નથી તેમ કેવળજ્ઞાનની નવી પર્યાય તેમાંથી આવતી નથી. તેમ એક ત્રિકાળી ભગવાન આત્માને સ્વદ્રવ્ય કહ્યું છે કે જેનાથી જગતમાં બીજી કોઈ ઊંચી વસ્તુ નથી. કેવળજ્ઞાનની પર્યાય પણ સર્વોત્કૃષ્ટ પ્રભુથી ઊંચી નથી.

સર્વોત્કૃષ્ટ ચીજને કોઈ લઈ જઈ શકતું નથી. તેની એક સમયની પર્યાયને પણ બીજો લઈ જઈ શકતું નથી તો ત્રિકાળી વસ્તુને કોણ લઈ જાય? મોક્ષની પર્યાય કરતાં પણ જે સર્વોત્કૃષ્ટ વસ્તુ છે તેને કોઈ લઈ જઈ શકતું નથી અને જે છૂટી જાય છે તે તો તુચ્છ વસ્તુ છે. શરીર–વાણી રાગ આદિ છૂટી જાય છે પણ એ તો તુચ્છ વસ્તુ છે. નાશવાન ચીજ છે તે તો છૂટી જાય એવી તુચ્છ વસ્તુ છે.

જે છૂટી જાય છે એ તો તુચ્છ વસ્તુ છે, તેને છોડતાં તને ડર કેમ લાગે છે. શરીર છૂટતાં કે વાણી બંધ થતાં તને ડર કેમ લાગે છે? એ તો તુચ્છ વસ્તુ છે, તેને છોડતાં તને ડર કેમ લાગે છે? જે આશ્ચર્યકારી સર્વોત્કૃષ્ટ પ્રભુ છે તેનો આશ્રય લે, તને આનંદ ઝરશે. ચિંતામણી રત્ન કહો, કલ્પવૃક્ષ કહો, કામધેનુ કહો, તે આત્મા પોતે છે, જ્યારે જ્યારે તેનો આશ્રય કરે, ત્યારે ત્યારે આનંદનો આસ્વાદ આવે છે. ❀

# જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ

**'હું શુદ્ધ છું' એમ સ્વીકારતાં પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. ૧૦૪.**

( બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

'હું શુદ્ધ છું' એમ સ્વીકાર કરવાથી એટલે કે દ્રષ્ટિમાં 'હું શુદ્ધ છું' એમ દ્રષ્ટિ કરવાથી પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. હું શુદ્ધ છું એમ અંતર્દ્રષ્ટિ થઈ ત્યાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. કાયમ રહેવાવાળી શુદ્ધ ધ્રુવ વસ્તુ હું છું. વર્તમાનમાં જ હું પરિપૂર્ણ શુદ્ધ દ્રવ્ય છું એવી દ્રષ્ટિ થાય ત્યારે શુદ્ધ પર્યાયની રચના થાય છે. ત્રિકાળી એકરૂપ અતીન્દ્રિય આનંદનું દળ વસ્તુ છે. એવા શુદ્ધ ત્રિકાળીની સન્મુખ થઈને આશ્રય લેવાથી ધર્મની શરૂઆત થાય છે, શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે.

વર્તમાન દ્રષ્ટિમાં, ત્રિકાળી પવિત્રતાનો પિંડ પરમાત્મા જ હું છું એમ સ્વીકાર કરવાથી પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. કેમ કે પોતાનામાં વીર્ય નામનો ગુણ પડયો છે તેથી શુદ્ધ સ્વરૂપની દ્રષ્ટિ થઈ ને તેનો સ્વીકાર આવ્યો તેમાં ત્રિકાળી વીર્ય ગુણનો પણ સ્વીકાર આવી ગયો, તો એ વીર્ય પોતાના શુદ્ધ સ્વરૂપની રચના કરે એ તેનું કાર્ય છે, તેથી તે શુદ્ધતાની રચના કરે છે.

શુદ્ધ સ્વરૂપની દ્રષ્ટિ કરવાથી, ત્રિકાળ પવિત્રતાનો પિંડ પ્રભુ હું છું એમ સ્વીકાર કરવાથી શુદ્ધ પર્યાયની રચના થાય છે અર્થાત્ ધર્મની રચના થાય છે. એ સિવાય લાખ –કરોડ વ્રત–તપ–ઉપવાસ આદિ રાગની ક્રિયા કરે પણ એ કાંઈ ધર્મ નથી. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. દ્રષ્ટિ રાગ ઉપર છે તો રાગની સૃષ્ટિ–ઉત્પત્તિ થાય છે અને દ્રષ્ટિ શુદ્ધ સ્વરૂપ ઉપર છે તો શુદ્ધ પર્યાયની રચના થાય છે. દ્રષ્ટિ શુદ્ધ સ્વરૂપનો સ્વીકાર કરે તો સૃષ્ટિમાં શુદ્ધ પર્યાયની ઉત્પત્તિ થાય. અનાદિથી રાગ ઉપર દ્રષ્ટિ છે તેથી અનાદિથી રાગની ઉત્પત્તિ થાય છે. માટે હવે 'હું શુદ્ધ છું' એમ શુદ્ધ સ્વરૂપની દ્રષ્ટિ કર.

# નિર્વિકલ્પ શાંતિનો ઉપાય : ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર

**ગુણભેદ પર દૃષ્ટિ કરતાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે, નિર્વિકલ્પતા–સમરસતા થતી નથી. એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર; તેમાં મુક્તિનો માર્ગ પ્રગટ થશે. જુદું જુદું ગ્રહણ કરવાથી અશાંતિ ઉત્પન્ન થશે. ૧૧૫.**

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

પ્રભુ તું કોણ છે? કેવડો છે? તારી કથા તેં સાંભળી નથી. તું અનંતગુણનો પિંડ અભેદ વસ્તુ છો. તેમાં આ ગુણ ને ગુણી એવા ભેદની દૃષ્ટિ કરતાં વિકલ્પ જ થશે. આત્મા સિવાય પર વસ્તુ દેવ–શાસ્ત્ર–ગુરુ ઉપર દૃષ્ટિ કરતાં રાગ જ થાય. રાગ ઉપર દૃષ્ટિ કરતાં, પર્યાય ઉપર દૃષ્ટિ કરતાં રાગ જ થાય અને એવી રીતે ગુણભેદ ઉપર દૃષ્ટિ કરતાં રાગ જ થાય.

અભેદ ચીજમાં હું જ્ઞાન છું, દર્શન છું, આનંદ છું એવો ભેદ વિકલ્પ ઊઠાવવો એ રાગ છે, દુઃખ છે, ઝેર છે પણ તને એની ખબર નથી. ગુણનો ધરનાર ગુણી ભગવાન છે, તેની દૃષ્ટિ કરતાં એટલે કે અભેદની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી તેથી ગુણ–ગુણીના ભેદની દૃષ્ટિ કરતાં વિકલ્પ ઊઠશે. અનંત ગુણનો પિંડ પ્રભુ પોતે છે, તારી એ પ્રભુતામાં ભેદ પાડવો એ પામરતા છે. રાગી પ્રાણી છે માટે ભેદની દૃષ્ટિ કરતાં રાગ જ ઉત્પન્ન થશે.

વસ્તુ જે અંદર છે તેમાં અનંતા ગુણ ભર્યા છે પણ એ ગુણભેદની દૃષ્ટિ કરતાં સમતા થતી નથી, સમ્યગ્દર્શન થતું નથી, નિર્વિકલ્પતા થતી નથી. અભેદ ચીજમાં ભેદનો વિકલ્પ કરતાં સમરસતા થતી નથી. એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર. સામાન્ય સ્વરૂપ છે, અભેદ સ્વરૂપ છે, તેને ગ્રહણ કર. ચૈતન્યની ધ્રુવતાને પકડ. ભેદને પકડવું છોડી દે ને અભેદને પકડ. ગુણ–ગુણીનો ભેદ ન પાડતાં ગુણી અખંડ સામાન્ય વસ્તુ છે તેની દૃષ્ટિ કર તો તને ધર્મની પ્રથમ શરૂઆત—સમ્યગ્દર્શન થશે, એ સિવાય

ધર્મ થશે નહીં. રાજપાટ છોડીને દિગંબર નગ્ન સાધુ અનંતવાર થયો, પણ દ્રવ્યદ્રષ્ટિ કરી નહીં ને એકલા વ્રત–તપાદિ કર્યા તેથી સ્વર્ગે ગયો ને ત્યાંથી ચાર ગતિમાં રખડયો.

સંયોગનું લક્ષ છોડી દે ને નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે તેનો આશ્રય લે. વર્તમાન પર્યાયમાં ત્રિકાળી જ્ઞાયક તે હું છું એમ આશ્રય કર. ગુણ–ગુણીના ભેદનું પણ લક્ષ છોડીને એકરૂપ ગુણીની દ્રષ્ટિ કર. તને સમતા થશે, આનંદ થશે, દુઃખનો નાશ થશે. એક ચૈતન્ય વસ્તુ ધ્રુવ ધ્રુવ છે તેમાં દ્રષ્ટિ દેવાથી તને મુક્તિનો માર્ગ પ્રગટ થશે. અભેદ ચીજ કે જેમાં ગુણ–ગુણીના ભેદનો પણ અભાવ છે ત્યાં જા, તને ધર્મ થશે, રાગથી છૂટવાનો પંથ હાથ આવશે, વિકાર ને દુઃખથી છૂટવાનો પંથ તને હાથ આવશે.

એકરૂપ ચૈતન્ય સામાન્ય છે તેમાં આ જ્ઞાન ને આ દર્શન ને આ આનંદ આદિ જુદું જુદું ગ્રહણ કરવા જઈશ તો તને અશાંતિ થશે. પ્રભુ! તું તો ગુણ–ગુણીના ભેદ વિનાની અભેદ ચીજ છો ને! તેથી અભેદની દ્રષ્ટિ કર તો તને શાંતિ થશે.

(દેવ–ગુરુ માર્ગ દેખાડે છે...પાના ૧૧ નું ચાલુ)

નાના બાળકોએ પણ સમજવા જેવી છે. કેમ કે હાલતા ક્ષણમાં દેહ છૂટી જાય છે માટે આ સમજી લેવા જેવું છે.

અખંડ દ્રવ્યના આશ્રયે બધું જ પ્રગટ થાય છે એટલે કે બધી જ શુદ્ધ પર્યાય તેના આશ્રયે પ્રગટે છે. દેવ–ગુરુ તો માર્ગ બતાવે છે પણ સમ્યગ્દર્શન આપી દેતાં નથી. કેમ કે તારા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની શક્તિ દેવ–ગુરુમાં નથી તેથી દેવ–ગુરુ સમ્યગ્દર્શન આપી દેતા નથી. આત્મામાં શ્રદ્ધા આદિ ત્રિકાળી શક્તિ પડી છે તેથી તેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટશે. જેમ સમ્યગ્દર્શન, દેવ–ગુરુ આપી નથી દેતાં તેમ સમ્યગ્જ્ઞાન આદિ પણ દેવ–ગુરુ આપી નથી દેતાં. ચરણાનુયોગની વિધિના કથનમાં આવે કે ગુરુ શિષ્યને દીક્ષા વખતે સમ્યગ્દર્શન આદિ આપે છે પણ એ તો નિમિત્તનું કથન છે. વ્યવહારના આશ્રયે, નિમિત્તના આશ્રયે કે પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી પણ ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

# ધન્ય તે દિવસ...

**જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલબુદ્ધિવાળા – આતુર હોય છે. અહો ! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતાં જ નથી ! ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે. ૧૩૩.**

( ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

ધર્મી જીવની દ્રષ્ટિ જ્ઞાયક ઉપર હોય છે. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ, અનંત આનંદના સાગરથી ભરેલો પ્રભુ, તેની જેને દ્રષ્ટિ થઈ છે, વર્તમાન એક અંશ ને રાગની બુદ્ધિ જેને ટળીને ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપનો દ્રષ્ટિમાં નિર્વિકલ્પ સ્વીકાર કરવામાં આવ્યો છે તે ધર્મીને સમ્યગ્દ્રષ્ટિ કહેવામાં આવે છે. અહીં તો વધારે આગળ લઈ જાય છે. ભગવાન અનંતગુણના અલંકારથી શોભિત પ્રભુ છે. ધર્મીજીવ એ ચૈતન્યને નિહાળવા કુતૂહલબુદ્ધિવાળા છે. જેમ કોઈ નવી ચીજ જોવામાં કુતૂહલ થાય એમ ધર્મી અંતર અનુભવમાં તો આવ્યા છે પણ હવે અંતરની ચૈતન્યની પૂરણતાને નિહાળવા કુતૂહલબુદ્ધિવાળા છે.

જ્ઞાનીને અંદરમાંથી બહાર નીકળવું ગોઠતું નથી, કેમ કે શુભભાવમાં આવવું એ પણ બંધન–સંસાર છે. ચૈતન્ય સ્વયંભૂની શોભા નિહાળવા માટે જ્ઞાની કુતૂહલબુદ્ધિવાળા છે, આતુર છે. જે નિધિ સમ્યગ્દર્શન–જ્ઞાનમાં જણાઈ તેના વિશેષ અનુભવ માટે અંદર ગયા તે ત્યાં જામી ગયા છે. જેને આત્માના આનંદનો રસ જાગ્યો એ રસના ઘૂંટડા પીવા અંતરમાં જાય છે તે બહાર આવતાં જ નથી. પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓને આવી દશા હોય છે. બહાર શુભમાં આવવું એ તો દુઃખ ને સંસાર છે.

સ્ત્રી–પુત્ર–પૈસા આદિમાં રચ્યા–પચ્યા રહેવું એ તો સર્પનો મોટો રાફડો છે, ઝેરીલો સ્વાદ છે, પણ શુભમાં આવવું એ પણ સંસાર છે. પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓ અંદરમાં ગૂમ થયા એ બહાર ન આવ્યા. સમ્યગ્દ્રષ્ટિને તો બહારના વિકલ્પમાં આવવું ગમતું નથી. અહીં તો વિશેષ દશાવાળાની વાત લીધી છે કે મહાજ્ઞાનીઓ અંદરમાં જામી ગયા છે. અહો ! તે ધન્ય દિવસ ક્યારે આવે કે મારે બહાર આવવું જ ન પડે !–આવી

જ્ઞાનીની ભાવના હોય છે. સમકિતીને આવી દશાની ભાવના હોય છે પણ હું દુનિયાને સમજાવું આદિ ભાવના હોતી નથી.

સમાધિશતકમાં આવે છે કે હું કોઈને સમજાવું કે પરથી હું સમજું એ ઉન્માદ્ છે, કેમ કે એ વિકલ્પ છે. હું બીજાને સમજાવી દઉં ને હું પરથી સમજું એવો વિકલ્પ ઘેલછાઈ છે, ઉન્માદ્ છે. પોતે પોતાનો ગુરુ છે. જ્યારે પોતે સ્વની સમજણ કરીને પોતે પોતાનો ગુરુ થાય ત્યારે વ્યવહારથી સમજાવનારને ગુરુ કહેવામાં આવે. અહીં કહે છે કે જેને સ્વના આશ્રયે સમ્યગ્દર્શન થયું છે તે સ્વના આશ્રયે પૂરણ વીતરાગ થવાની ભાવના કરે છે, શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં હતાં છતાં 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે' ...એમ ભાવના ભાવે છે.

રાજકુમારો કે જેને ઘરે મણિરત્નોની લાદી હોય ને મોટા–મોટા રાજાઓની દિકરીઓ પોતાની રાણી હોય પણ એને જ્યાં અંદરમાં ભાન થયું ને ભાન થઈને અંદરમાં જવા માગે છે ત્યારે માતા પાસે રજા માગે છે કે હે માતા! હે જનેતા! મને રજા દે, હું મારા આનંદમાં જવા માંગુ છું. મારો નાથ મને જણાયો છે, એ આનંદ સ્વરૂપ છે. હવે અમને ક્ષણવાર પણ બહાર રહેવું ગોઠતું નથી. એ રાણીઓ ને રત્નની લાદીઓ હોય પણ અંદરના આનંદ પાસે એ શું ચીજ છે?

ભગવાન આનંદનું ખેતર છે, તેની ભૂમિમાં આનંદ પાકે છે, ત્યાં મારે જવું છે. મોટા–મોટા રાજકુમારો—સમ્યગ્જ્ઞાની—રાજપાટ છોડીને ચાલી નીકળે ત્યારે માતાને કહે કે માતા! એકવાર રોવું હોય તો રોઈ લે. માતા અમને રજા દે. માતા! અમે કોલ કરાર કરીએ છીએ કે હવે બીજી માતા નહીં કરીએ. અમે જ્યાં છીએ ત્યાં આ બધું બહારનું નથી. બહારનું છે ત્યાં અમે નથી. અમે તો આનંદરસના રસીયા છીએ. અમે અંદરમાં જતાં ફરી બહાર નહીં આવીયે. પાંચમાં આરાના ધર્મીની આવી ભાવના હોય છે કે ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે. વીતરાગભાવનામાં લીન થઈ જઈએ એવો દિવસ અમને ક્યારે આવે? ધર્મીને ધંધા આદિની ભાવના હોતી નથી. આનંદમાં સમાણાં તે સમાણાં. એ ધન્ય દિવસ ક્યારે આવે?—એમ ધર્મીની ભાવના હોય છે.

# સ્વમાં અહમ્‌પણું સ્થાપ

**ચૈતન્યપરિણતિ તે જ જીવન છે. બહારનું તો અનંતવાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે. ૧૩૭**

(‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

ચૈતન્યજ્યોત જ્ઞાયકભાવ છે તે ધ્રુવ છે, તેનું અવલંબન લઈને જે પરિણતિ થાય એ જીવનું જીવન છે. બાકી તો બધા થોથા છે. ચૈતન્યની જ્ઞાન–આનંદ આદિ પરિણતિ થવી, જ્ઞાન–આનંદ આદિ સ્વદેશમાં વસવું, એ જીવનું જીવન છે. રાગ ને સંયોગના કારણે જીવનું જીવવું એ જીવનું મરણ છે. રાગથી મને લાભ થાય એમ માનવું એ તો શુદ્ધ ચૈતન્યના ભાવપ્રાણનો ઘસારો થાય છે. સ્વભાવના આશ્રયે નિર્મળ દશા થાય એ જીવનું જીવન છે.

સ્ત્રી પુત્ર–પૈસા–આબરૂ આદિમાં કે રાગની મંદતામાં સુખ છે એમ માને છે તેણે જીવનું મરણ કર્યું છે કે હું પોતે આનંદસ્વરૂપ નથી પણ મારો આનંદ બહારથી મળે છે! ચૈતન્યપરિણતિથી જીવે તે જીવનું જીવન છે, બાકી બધા ચાલતાં મડદાં છે. પામર પર ચીજમાં નજર દોડાવીને સુખી માને છે પણ પ્રભુ તું દુઃખી છો! જ્યાં આનંદનું ધામ છે, આનંદનો ઢગલો છે, તેને જેણે પ્રતીતિમાં ને જ્ઞાનમાં લીધું, જ્ઞાન ને આનંદની પરિણતિ થઈ––એ તારું જીવન છે.

બહારનું તો બધું અનંતવાર મળ્યું. સ્વર્ગના ભવ અનંતવાર કર્યા. બહારના સંયોગ તો અનંતવાર મળ્યા. સંયોગની દ્રષ્ટિ તો અનાદિની છે. સંયોગ તેનામાં પેસી જતાં નથી પણ પોતાના માન્યા છે. ત્રિકાળી જ્ઞાયક છે તેની સન્મુખ થઈને તેનો આશ્રય લે, એ કોઈવાર તેં કર્યું નથી, એ તારું જીવન છે. મારો નાથ તો જ્ઞાન ને આનંદના શુદ્ધ પ્રાણથી જીવે, એવું એનું ટકતું જીવન છે.

અનંત અનંત અનંત ગુણરત્નાકર ભગવાન આત્મા છે. કદ આવડું છતાં એનો મહિમા અપાર છે. અનંત અનંત ગુણનું ધામ છે, એનો આશ્રય લેતાં જે આનંદ આદિ પ્રગટે એ જીવનું જીવન છે. એ સિવાય અબજો રૂપિયા, રાજપાટ, સ્ત્રી–પુત્ર આદિ અનંતવાર મળ્યું છે, એ કાંઈ અપૂર્વ નથી. અરેરે ભાઈ! પરથી ખસી જા ને સ્વમાં વસી જા. બહારથી સ્ત્રી–પુત્ર–ધંધા આદિ છોડયા પણ એણે કાંઈ છોડયું જ નથી. કેમ કે તેને ગ્રહ્યાં જ છે કે દિ' ? રાગને ગ્રહ્યો છે તેને છોડીને વીતરાગસ્વરૂપને ગ્રહણ કર. એ જિનસ્વરૂપીનો આશ્રય લઈને જે વીતરાગ દશા પ્રગટ થાય એ જ જીવનું જીવન છે.

અંદરમાં જ્ઞાન ને આનંદની વજ્રની ભીંત પડી છે તેની સાથે પર્યાયને જોડી દે. સ્વભાવની સામે જોવું, એ અંદરનો પુરુષાર્થ જ અપૂર્વ છે. બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે એ મમતા કાંઈ અપૂર્વ નથી, એ તો અનંતવાર કરી છે. બે–પાંચ લાખ રૂપિયા મંદિર આદિમાં વાપરે ત્યાં તો ઓહોહો! ધરમ થઈ ગયો! પણ ભાઈ, એ કોઈ અપૂર્વ ચીજ નથી. જીવનનો પલટો મારવો હોય તો બહારમાં જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને અંદરમાં સર્વસ્વ માન. શુભભાવ પણ સંસાર છે, સમકિતીના શુભભાવને પણ જગપંથ કહ્યો છે.

હોંશીડા હોંશુ મત કીજે.—બહારમાં હોંશુ ન કરીશ ભાઈ! એ બધું તો ક્ષણભંગુર છે ને અનંતવાર મળ્યું છે. બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને અનંતગુણનો પિંડ આત્મા એ મારું સર્વસ્વ છે એમ માન. ભગવાન પૂર્ણાનંદનો નાથ, ચૈતન્યની ઝળહળ જ્યોત છે, તેનું પરિણમન થાય તે જીવનું જીવન છે. પુણ્ય–પાપ ને તેના ફળમાં સર્વસ્વ માને છે તે અસાધ્ય–બેશુદ્ધ થઈ ગયો છે. માટે હવે બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માન.

( બધી ચિંતા છોડીને........પાના ૧૨ નું ચાલુ )

પ્રભુ તારી ચીજ તો નિર્મળ છે, તેથી નિર્મળ પરિણતિથી તને પ્રભુ મળશે. રાગ મારો છે ને તેનાથી મને લાભ થશે એમ પકડ રાખી છે પણ ચૈતન્યસ્વરૂપ આત્માની પકડ કર તો સંસારરૂપી મગરમચ્છના મુખમાંથી છૂટી શકીશ. પ્રભુ! તારામાં તાકાત છે. તું પરથી ભિન્ન પડી શકે છે. મગર તો કદાચિત્ ન છોડે પણ તું પરથી ભેદજ્ઞાન કરીને સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકે તેમ છો. માટે પરથી ભિન્ન પડીને તારા આત્માને પકડ.

## નયાતિક્રાંત ત્રિકાળી ચૈતન્યદેવનું અવલંબન કર

**રાગી છું કે નથી–તે બધા વિકલ્પોથી પેલી પાર હું શુદ્ધ તત્ત્વ છું. નયોથી અતિક્રાન્ત ચૈતન્ય બિરાજે છે. દ્રવ્યનું અવલંબન કર તો ચૈતન્ય પ્રગટ થશે. ૧૪૯.**

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

શરીરાદિ તો જીવની પર્યાયમાં પણ નથી પણ તેની પર્યાયમાં રાગ છે તેથી રાગી છું કે રાગી નથી એવા વિકલ્પોથી રહિત દ્રવ્યની સન્મુખ થવું એ જનમ–મરણ રહિત થવાની દશા છે. રાગી છું તે વ્યવહાર ને રાગી નથી એ નિશ્ચય એવા વિકલ્પની વૃત્તિઓથી પાર અંદર વસ્તુ છે. જ્ઞાયકસ્વભાવની ગહનતામાં જ્યાં જાય છે ત્યાં તેને વિકલ્પ રહેતો નથી. જ્ઞાનની પર્યાય જ્યાં અંતર્મુખ થાય છે ત્યાં તેને વિકલ્પ રહેતો નથી.

રાગી છું કે રાગી નથી એવા નયોથી અતિક્રાંત વસ્તુ છે. વ્રત–તપાદિનો રાગ એ તો સ્થૂળ રાગ છે પણ રાગી છું કે રાગી નથી એવા સૂક્ષ્મ રાગથી પણ શુદ્ધ ચૈતન્યતત્ત્વમાં અંદર જવાતું નથી. વસ્તુ શુદ્ધ ચૈતન્ય હોવાથી શુદ્ધ નિર્મળ પરિણામથી વસ્તુને પકડી શકાય છે એટલે કે અંદર જઈ શકાય છે. હું શુદ્ધ છું–એવા વિકલ્પથી પણ વસ્તુ હાથ આવે એવી નથી.

આત્મવસ્તુનું જ્ઞાન કરવામાં અબદ્ધ છું આદિ રાગની વૃત્તિ પણ કામ લાગતી નથી. સ્વયંભૂ પ્રભુ છે, અનંતગુણનો સાગર છે આદિ વિકલ્પની વૃત્તિથી પાર પ્રભુ છે. સંસારના કામધંધાના વિકલ્પ તો ક્યાંય રહ્યા, દયા–દાન આદિના વિકલ્પ પણ ક્યાંય રહ્યા પણ રાગ વિનાની વીતરાગ સ્વરૂપી ચીજ છે એમ આંગણામાં–વિકલ્પમાં ઊભો છે એનાથી પણ પાર વસ્તુ છે. નિશ્ચયનયનો વિકલ્પ ઊઠયો કે હું શુદ્ધ છું, બુદ્ધ છું આદિથી પાર વસ્તુ છે.

વિકલ્પ ઊઠે એ ચૈતન્યની ગતિ નહીં. વસ્તુ પૂરણ સ્વરૂપ છે તેનું અવલંબન કર, વિકલ્પનું અવલંબન નહીં. પહેલામાં પહેલું કરવાનું હોય તો દ્રવ્યનું અવલંબન કરવાનું છે. પ્રભુ આત્મા અંદર બિરાજે છે, તેનું અવલંબન લેવાની સર્વજ્ઞદેવની આજ્ઞા છે. પરમાત્મા જિનેશ્વરદેવ એમ ફરમાવે છે કે પ્રભુ તું મહાપ્રભુ છો, તેનું અવલંબન લે–તો ચૈતન્યપ્રભુ પ્રગટ થશે. દ્રવ્ય પોતે ભગવાન સ્વરૂપ જ છે. ભગવાન તું ત્રણલોકનો નાથ ચૈતન્યભગવાન છો, તેનું અવલંબન લે તો તને ધર્મની શરૂઆત એવું સમકિત થશે. પર તરફ પર્યાય વળેલી છે તેને અંતરમાં વાળવી, એવી ગુલાંટમાં અનંતો પુરુષાર્થ છે ભાઈ! અંદરમાં જે દ્રવ્ય છે તેનું પર્યાયમાં અવલંબન લે. તારી મોટપ એવી છે કે હું શુદ્ધ છું આદિ વિકલ્પ એ તને કલંક છે, એ બંધપરિણામ છે. પ્રભુ અંદર પૂર્ણાનંદ છે તેનું અવલંબન લે તો પર્યાયમાં તને ચૈતન્યનું ભાન થશે.

# ભેદજ્ઞાન માટે એકદમ પુરુષાર્થ કર

**એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઊતરી જા. ક્યાંય રોકાઈશ નહીં. અંદરથી ખટક જાય નહીં ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી. બાહુબલીજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં વીતરાગ દશા ન પ્રગટી! આંખમાં કણું સમાય નહીં તેમ આત્મસ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી. જ્યાં સુધી સંજ્વલનકષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિસૂક્ષ્મ અંશ પણ વિદ્યમાન હોય ત્યાં સુધી પૂર્ણજ્ઞાન –કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. ૧૫૧.**

(‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી)

પહેલાં રાગની મંદતા કરું એમ રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર. વિકલ્પના વાયદા રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર. જેમ કૂવામાં ઊભો કોશીયો પડે ને તળિયાનો તાગ લઈ આવે તેમ એકદમ પુરુષાર્થ કરીને ધ્રુવ જેનું તળિયું છે ત્યાં ઊંડો ઊતરી જા. ત્રિકાળ જ્ઞાયકભાવ આનંદનો નાથ પ્રભુ છે ત્યાં ઊંડો ઊતરી જા. પર્યાય તો ઉપર ઉપર છે, દ્રવ્યમાં પેસી ગઈ નથી. પર્યાયનું લક્ષ દ્રવ્યના ઊંડાણમાં લઈ જા. પર્યાય દ્રવ્યમાં જાય નહીં પણ પર્યાયનું લક્ષ દ્રવ્યમાં લઈ જા.

આવી સત્ય વાત સાંભળવા મળવી એ મહાભાગ્યની વાત છે. અહીં તો કહે છે કે ક્યાંય રોકાઈશ નહીં. વિકલ્પની કાંઈ પણ ખટક રહ્યા કરશે ત્યાં સુધી અંદર નહીં જઈ શકે. હમણાં યુવાની છે માટે રળી લઈએ–એ રહેવા દે બાપુ! મોત સાથે નગારાં વગાડે છે, પછી કરીશ, પછી કરીશ એમ રહેવા દે. અંદરમાં કાંઈ પણ વિકલ્પ રહેશે કે આ કરું, આ કરું–એમ વાયદા કરીશ તો અંદર જઈ શકીશ નહીં.

બાહુબલીજી જેવા મુનિને પણ સંજ્વલનનો વિકલ્પ રહ્યો, ખટક રહી તો કેવળજ્ઞાન ન થયું. અંદર પ્રચુર સ્વસંવેદન પ્રગટ કર્યું હતું પણ ચોથા કષાયનો જરી વિકલ્પ રહી ગયો હતો તેથી પૂરણ વીતરાગ દશા ન પ્રગટી. આંખમાં જેમ કણું પણ ન સમાય, કણું પડે તો આંખ ખટકે, તેમ રાગનો એક કણ પણ રહી ગયો તો કેવળજ્ઞાન નહીં થાય ને જો રાગની એકતાનો એક કણ પણ રહેશે તો સમકિત નહીં થાય.

જ્યાં સુધી અબુદ્ધિ પૂર્વકનો રાગ પણ છે ત્યાં સુધી કેવળજ્ઞાન નહીં થાય. એક અબુદ્ધિ પૂર્વકનો રાગનો અંશ પણ રહ્યો હોય તો કેવળ નહીં થાય તો નીચેની ભૂમિકામાં રાગના કણનો પણ પ્રેમ રહેશે તો સમકિત નહીં થાય. માટે એકદમ પુરુષાર્થ કરીને રાગની એકતાને તોડી નાખ.

### રંગ–રાગ ને ભેદથી ભિન્ન

# અત્યંત શુદ્ધ ચૈતન્યદ્રવ્યને તું ઓળખ

**જેમ કમળ કાદવ અને પાણીથી જુદું જ રહે છે તેમ તારું દ્રવ્ય કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં કર્મથી જુદું જ છે; તે ગયા કાળે એકમેક નહોતું, વર્તમાનમાં નથી, ભવિષ્યમાં નહીં થાય. તારા દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી. આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે તેને તું ઓળખ. પોતાનું અસ્તિત્વ ઓળખતાં પરથી જુદાપણું જણાય જ છે. ૧૬૦.**

(‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

જેમ કમળ કાદવથી જુદું રહે છે તેમ આત્મદ્રવ્ય કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં કર્મથી જુદું જ છે. કમળ જેમ કાદવથી જુદું છે તેમ વીતરાગસ્વરૂપ ચૈતન્યમૂર્તિ પરમાનંદના ભરપૂર ભાવથી ભરેલો ભગવાન કર્મ અને કર્મજનિત તત્ત્વથી જુદો છે. જિનસ્વરૂપ વસ્તુ છે તે રાગની વચ્ચે રહી હોવા છતાં જુદી જ રહી છે. ગયા કાળે પણ તે રાગાદિ સાથે એકમેક નહોતું. અત્યારે પણ આત્મદ્રવ્ય રાગાદિ સાથે એકમેક નથી ને ભવિષ્યમાં પણ રાગાદિ વિકલ્પ કે કર્મ સાથે એકમેક નહીં થાય.

દયા–દાન આદિ વિભાવથી ધર્મ થશે એમ માનનારે રાગાદિ વિભાવ સાથે આત્માને એકમેક માન્યો છે. જ્ઞાનસ્વરૂપ છે તે અંતર્મુખ છે અને રાગાદિ થાય છે તે બહિર્લક્ષે થાય છે. દયા–દાન આદિનો જેટલો વિકલ્પ છે તે રાગ છે ને વસ્તુ વીતરાગસ્વરૂપ છે તેથી તે એકમેક થયા જ નથી. વિકારભાવથી પણ વસ્તુ તો ભિન્ન નિરાલી છે પણ અજ્ઞાનમાં–મિથ્યાત્વમાં અનાદિથી રાગનો સ્વામી થઈ ગયો છે.

ધ્રુવ ધ્રુવ હૈયાતીવાળી ચીજ છે તે જિનસ્વરૂપ છે, તે કર્મ કે રાગાદિ સાથે એકમેક થઈ નથી, માને ભલે કે કર્મ મને રખડાવે છે કે દયા–દાન આદિ મારો ધર્મભાવ છે. જેમ નાળિયેરની અંદરનો સફેદ ગોળો છે તે છાલાં, કાચલી તથા રતાશથી જુદો છે

તેમ વસ્તુ છે તે શરીરાદિથી, કર્મથી તથા ભાવકર્મથી જુદી છે, સદાય જુદી છે.

આત્મા નિજસ્વરૂપ જ છે, જો જિનસ્વરૂપ ન હોય તો પર્યાયમાં જિનસ્વરૂપ આવશે ક્યાંથી? પર્યાયમાં જે અર્હંત–સર્વજ્ઞપણું આવે છે તે ક્યાંથી આવે છે? તારું સ્વરૂપ જિનસ્વરૂપ છે, રાગ એ તારું સ્વરૂપ નથી. શુભરાગનો કણ છે તેનાથી પણ જીવદ્રવ્ય તદ્દન ભિન્ન છે.

આત્માનું આત્મપણું, ચૈતન્યનું ચૈતન્યપણું, જિનનું જિનપણું, રાગપણે થતું જ નથી. વીતરાગી ગુણ છે તે રાગમાં ભળતો નથી. બાપુ! રાગપણે પણ તું નથી તો પરપણે ક્યાંથી થાય? પણ તારા ભ્રમે તને ભરમાવ્યો છે, ભ્રમાવ્યો છે, રખડાવ્યો છે ભાઈ, તું જ્ઞાનથી ભરેલો ભગવાન છો, તેનો વિશ્વાસ કર. બધું છોડીને એટલે કે દ્રષ્ટિમાંથી બધું છોડીને જિનસ્વરૂપ ભગવાનની દ્રષ્ટિ કર. તારું દ્રવ્ય અત્યન્ત શુદ્ધ છે તેને તું ઓળખ. રાગ ને કર્મ આદિની અસ્તિથી તારી મોજૂદગી જુદી છે, તેને તું ઓળખ. અંદર ભગવાન બિરાજે છે તેને તું ઓળખ.

રાગથી ભિન્ન પૂર્ણાનંદનો નાથ છો તેને તું ઓળખ. વીતરાગ સ્વરૂપ પ્રભુ તું છો, તેને વીતરાગી પર્યાય વડે ઓળખ, રાગ વડે તે નહીં ઓળખાય. પોતાનું અસ્તિત્વ ઓળખતાં પરથી જુદાપણું જણાય છે. જ્ઞાનની પર્યાય દ્વારા, વીતરાગી દશા દ્વારા પોતે પોતાને ઓળખતાં પરથી જુદો જ હતો તે જુદાપણે જ જણાય છે. માટે તું તને ઓળખી લે.

( હું જ્ઞાયક છું....... પુષ્ઠ ૨૫ થી ચાલુ )

છે તેથી તેની દ્રષ્ટિ કરીને જે પર્યાય થાય તે નિર્લેપ ને નિર્મળ જ હોય અને તે જ મોક્ષમાર્ગ છે.

પોતે પ્રભુ તો જ્ઞાયક જાણક સ્વભાવથી પૂરણ ભરેલો છે, તેને રાગાદિ થાય છે એ તો પરજ્ઞેય છે. સમ્યક્ દ્રષ્ટિ થઈ છે તેને હજુ કષાયના ભાવો આવે પણ તે પરજ્ઞેય તરીકે આવે છે, સ્વજ્ઞેય તરીકે તો જ્ઞાયકભાવ છે. નિર્લેપ જ્ઞાયકનું જ્ઞાન થયું તેને વ્રતાદિ ભાવો હોય પણ તેને પરજ્ઞેય તરીકે જાણે છે પણ તેને મારાપણે ન જાણે કે તેનાથી મને લાભ થાય એમ ન માને.

ધર્મી જીવને 'હું તો જ્ઞાયક છું, રાગાદિનો વિકલ્પ તે તો પરજ્ઞેય તરીકે જાણવા લાયક છે, હું તો સ્વ ને પરનો જાણનારો છું'—એમ જાણે છે. ધર્મી જીવ જ્ઞાયકભાવ ત્રિકાળી છે તેને ઓળખે, જ્ઞાયકની પરિણતિ થાય તેને ઓળખે ને જે રાગાદિ થાય તેને પણ ઓળખે. વસ્તુ તો નિર્મળ છે પણ તેને જોવા–જાણવા–માનવાનું જ્ઞાન કરે તો પર્યાયમાં નિર્મળતા થાય, નિશ્ચય મોક્ષમાર્ગ થાય. વ્યવહાર છે માટે વ્યવહારથી નિશ્ચય મોક્ષમાર્ગ થાય એમ નથી. હું તો જ્ઞાયક છું એમ પરિણમન કરે તો નિર્લેપતા થાય, નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ થાય.

## ‘હું તો જ્ઞાયક છું’—એમ જ્ઞાયકપણે પરિણમન કર

**દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે—નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. ‘આ બધા જે કષાયો-વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું’ એમ ઓળખે-પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે. ૧૬૨.**


(‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

દ્રવ્ય સદા નિર્લેપ છે, કોને ?—જે તેને જાણે એને. સંયોગ ને રાગના ઉપરથી દૃષ્ટિ છોડીને, એક સમયની જે હૈયાતી છે તેનું લક્ષ છોડીને ભગવાન જે નિર્લેપ છે તેની દૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન થાય. જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય-જ્ઞેય થાય તે સમ્યગ્જ્ઞાન છે. પૂરણ નિર્લેપ દ્રવ્યસ્વભાવનો જઘન્ય આશ્રય લીધો ત્યારે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થયું, વિશેષ આશ્રય લીધો ત્યારે ચારિત્રની ઉગ્ર દશા પ્રગટ થઈ ને પૂરણ આશ્રય લે ત્યારે પૂરણ દશા પ્રગટ થાય.

જ્ઞાયક પોતે તો જાણનાર-દેખનાર છે. જાણવું-દેખવું એ તો પોતાનો ત્રિકાળી સ્વભાવ છે. જાણનાર તો તરતો ને તરતો એટલે કે રાગાદિથી અધિક જુદો છે. અનંત ગુણના પાસાવાળો ચૈતન્યહીરલો છે. જાણનાર છે તે તરતો ને તરતો એટલે કે રાગથી જુદો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક તો સ્વચ્છ નિર્મળ છે, તેમ રાગાદિ દેખાવા છતાં જ્ઞાયકભાવ તો તેનાથી ભિન્ન નિર્લેપ વસ્તુ છે.

જ્ઞાયકભાવમાં વિભાવો દેખાવા છતાં ભગવાન જે જ્ઞાયકવસ્તુ છે તે તો નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં એટલે ત્રિકાળી જ્ઞાયકવસ્તુમાં દૃષ્ટિ આપતાં પર્યાયમાં જ્ઞાયકપણે પરિણમન થાય તે પર્યાય પણ નિર્લેપ છે. વસ્તુ તો નિર્લેપ છે જ પણ જ્ઞાયકભાવને પોતે શ્રદ્ધા જ્ઞાનમાં લીધો ત્યારે તેનું પરિણમન પણ જ્ઞાયકપણે જ હોય છે. તેથી જેમ જ્ઞાયક નિર્લેપ છે તેમ જ્ઞાયકપણે પરિણમતિ પર્યાય પણ નિર્લેપ છે. વસ્તુ છે તે નિર્લેપ જ્ઞાયક

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૪)




* આત્મા દ્રવ્ય–ગુણ–પર્યાય સ્વરૂપ છે એમ પહેલાં જ્ઞાનમાં જાણવું જોઈએ. ભલે તે ભેદ–કથનનું જ્ઞાન તે સમ્યક્ જ્ઞાન નથી, છતાં પહેલાં એ જાણવું તે જ્ઞાનનું અંગ છે. સમ્યક્ થતાં પહેલાં તે આવે છે. દ્રવ્ય–ગુણ–પર્યાય સહિતનું દ્રવ્ય તે આખી વસ્તુ પ્રમાણજ્ઞાનનો વિષય છે. પહેલાં જ્ઞાનમાં તેને જાણવું જોઈએ. પ્રમાણજ્ઞાનમાં દ્રવ્ય–પર્યાય બે આવે છે તેથી તે વ્યવહારનયનો વિષય હોવાથી પૂજ્ય નથી. નિશ્ચયનયનો વિષય એક ત્રિકાળી શુદ્ધાત્મા છે તેથી નિશ્ચયનયને પૂજ્ય કહ્યું છે. દ્રવ્ય–ગુણ–પર્યાયમાં વસ્તુ વ્યાપ્ત હોવા છતાં શુદ્ધનય એકરૂપ શુદ્ધાત્માને બતાવે છે કે એક પ્રત્યક્ષ પ્રતિભાસરૂપ સકલ નિરાવરણ નિત્ય નિરંજન નિજ શુદ્ધાત્મદ્રવ્ય તે જ હું છું. દ્રવ્ય–ગુણ–પર્યાયમય વસ્તુ હોવા છતાં આશ્રય કરવા માટે શુદ્ધાત્મા જ એક છે તેમ શુદ્ધનય નિર્ણય કરાવે છે.

* આ આત્મા પ્રત્યક્ષ છે, જેમ સામે કોઈ ચીજ પ્રત્યક્ષ હોય છે ને ! તેમ આ આત્મા પ્રત્યક્ષ છે. તેને દેખ ! તેમ આચાર્યદેવ કહે છે. આ શરીર છે, કુટુંબ છે, ધન –મકાન–વૈભવ છે–એમ તું દેખે છો, પણ એ બધાં તો તારાથી અત્યંત ભિન્ન પરદ્રવ્ય છે. તેનાથી ભિન્ન આ આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ છે. તેને દેખ ! તો તારો મોહ તુરત નાશ થઈ જશે.

પ્રશ્નઃ– સમ્યગ્દર્શન થયા પહેલાં અનુમાનજ્ઞાનથી આત્મા જેવો છે તેવો જાણી શકાય ખરો ?

ઉત્તરઃ– પહેલાં અનુમાનજ્ઞાનથી ઓઘે–ઓઘે જાણે, પણ સ્વાનુભવમાં જ યથાર્થ આત્મા જેવો છે તેવો જણાય છે.

પ્રશ્નઃ– અનુમાનજ્ઞાનથી આત્મા જાણનારને પર્યાયમાં ભૂલ છે કે આત્મા જાણવામાં ભૂલ છે ?

ઉત્તરઃ– અનુમાન જ્ઞાનવાળાએ આત્મા યથાર્થ જાણ્યો જ નથી. આત્માને જાણવામાં ભૂલ છે. સ્વાનુભવ પ્રત્યક્ષથી જ આત્મા જેવો છે તેવો જાણવામાં આવે છે. અનુમાનથી તો શાસ્ત્ર ને સર્વજ્ઞ કહે છે તેવો આત્મા જાણે છે, પણ યથાર્થ તો સ્વાનુભવમાં જ જણાય છે. સ્વાનુભવથી જાણ્યા વિના આત્મા યથાર્થ જાણવામાં આવતો નથી.

* આહાહા! આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ આત્મા એ મહા ગંભીર વસ્તુ છે. લોકોને અજાણ્યું લાગે, જેમ અજાણ્યા દેશમાં જાય ને અજાણ્યું–અજાણ્યું લાગે, પણ બાપુ! આ તો ભગવાનના દેશની વાતો છે, એને રુચિથી સાંભળે તો તેના પોતાના ઘરની જ છે. અજાણ્યું કાંઈ નથી, પોતાનું જ છે. અનંત અનંત જન્મ–મરણના નાશની વાતો છે. તેનો અભ્યાસ જોઈએ, નિવૃત્તિ જોઈએ, લૌકિક ભણતરમાં પણ દસ પંદર વર્ષ ગાળે છે તો આમાં થોડો વખત લઈને અભ્યાસ કરવો જોઈએ. આ વસ્તુ ગંભીર છે. નિશ્ચય કઈ વિધિથી છે, વ્યવહાર કઈ વિધિથી છે વિગેરે જાણવું જોઈએ. આ તો સર્વજ્ઞે જાણીને કહેલી વાતો છે એને રુચિથી અંદરમાં જઈને અનુભવે તો એનો મહિમા કેવો ને કેટલો છે તે ખ્યાલમાં આવે.

* આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્યપદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરા પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા–તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરા પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટી જીભથી કોટી વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહિ એવી આકરી નરકની પીડા છે. છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરાહજુર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે.

* સહજતત્ત્વ અખંડિત છે. ગમે એટલો કાળ ગયો ને ગમે તેટલા વિભાવ થયા છતાં વસ્તુ તો અખંડિત છે. આત્માનું અસ્તિત્વ નહિ માનનાર તીવ્ર મિથ્યાદ્રષ્ટિનું દ્રવ્ય પણ અખંડિત છે. ગમે તેટલા આકરા પાપભાવો કર્યા છતાં તેનું દ્રવ્ય અખંડિત છે. આત્મા વસ્તુ સહજ સ્વરૂપે અખંડિત જ છે. તેની ઉપર દ્રષ્ટિ કરતાં અનંતકાળે નહિ થયેલી એવી અપૂર્વ શાંતિ પ્રગટે છતાં આત્મવસ્તુ તો એવી ને એવી સહજ સ્વભાવે અખંડિત જ છે. વર્તમાન વિભાવ થાય, ભવિષ્યમાં વિભાવ થશે તોપણ વસ્તુ તો વિકાર વિનાની અખંડિત જ છે, તેમાં ઉદય આદિ ચાર ભાવોનો પ્રવેશ થયો જ નથી. એવી સહજ વસ્તુ પરમપારિણામિકભાવે અખંડ જ છે. એને દ્રષ્ટિમાં લઈને ઉપાદેય કરવા–આદરવા યોગ્ય છે.

* વ્યવહારનય સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી એટલે કે સાધક જીવને અપૂર્ણદશા વર્તતી હોય ત્યારે ભૂમિકા યોગ્ય દયા–દાન–પૂજા–ભક્તિ–યાત્રા–વ્રત–તપ આદિનો શુભરાગરૂપ વ્યવહાર આવે છે, હોય છે; આવ્યા વિના રહેતો નથી; તેને તે તે કાળે તે તે ભૂમિકામાં જાણવા યોગ્ય છે, જાણવો પ્રયોજનવાન છે, નિષેધવા યોગ્ય નથી, એટલે કે આદરવા યોગ્ય છે એમ નહિ પણ તે તે ભૂમિકા પ્રમાણે આવતા રાગને જાણવા યોગ્ય છે.

* જાણનાર...જાણનાર...જાણનાર તે માત્ર વર્તમાન પુરતું સત્ નથી. જાણનાર તત્ત્વ તે પોતાનું ત્રિકાળી સત્પણું બતાવી રહ્યું છે. જાણનારની પ્રસિદ્ધિ તે વર્તમાન પુરતી નથી પણ વર્તમાન છે તે ત્રિકાળીને પ્રસિદ્ધ કરી રહ્યું છે. વર્તમાન જાણનાર અસ્તિ તે ત્રિકાળી અસ્તિ–સત્ને બતાવે છે. પ્રભુ! તને વર્તમાન જાણનારની અસ્તિ જણાય છે કે નહિ? કોઈપણ પ્રસંગમાં જાણનારની અસ્તિ બતાવે છે. આ જાણ્યું...આ જાણ્યું—એ જાણવું જાણનારની અસ્તિ સિદ્ધ કરે છે. આ જાણે છે... જાણે છે—એ જાણનાર અંશ ત્રિકાળીને બતાવે છે. જેમ પાણીનું તરંગ છે તે પાણીના દળ વિના હોય નહિ, પાણીનું તરંગ પાણીના દળને બતાવે છે, તેમ જ્ઞાનનું વર્તમાન તરંગ તે ત્રિકાળી જાણનાર દળધ્રુવને બતાવે છે. કોઈપણ પર્યાય તેના ત્રિકાળી તત્ત્વને સિદ્ધ કરે છે–પ્રસિદ્ધ કરે છે.

* પ્રશ્નઃ– એક પુદ્ગલ પરમાણુના બે ટુકડા ન થઈ શકે એટલો નાનો છે તો તેમાં અનંતા ગુણો કેવી રીતે હોઈ શકે?

ઉત્તરઃ– એક પરમાણુના બે કટકા ન થઈ શકે એટલો સૂક્ષ્મ હોવા છતાં તેમાં અનંતા ગુણો (જીવના ગુણોની જેટલા) છે. આહાહા! આવો વસ્તુનો સ્વભાવ સર્વજ્ઞે જોઈ, જાણીને કહ્યો છે. આત્મા પોતે જ સર્વજ્ઞસ્વભાવી છે. એક પરમાણુ ને તેવા અનંતા પરમાણુનો એક સ્કંધ અને એવા અનંતા સ્કંધોનો એક મહાસ્કંધ—એ બધાને જાણનારો આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. એ સર્વજ્ઞસ્વભાવી આત્માની સાચી શ્રદ્ધા કરવાની છે. એ શ્રદ્ધા–જ્ઞાન સાચા કર્યા વિનાના ત્યાગ ને તપ બધા સંસારમાં રખડવાના કારણો છે.

* પ્રશ્નઃ– આકાશના એક પ્રદેશમાં અનંતા પરમાણુઓ અને અનંતા જીવના પ્રદેશ કેમ રહી શકે?

ઉત્તરઃ– જેનો જે સ્વભાવ હોય તેમાં મર્યાદા કે હદ શું હોઈ શકે? બેહદ ને અમર્યાદિત જ સ્વભાવ હોય. લોકમાં રહેલાં અનંતા પરમાણુઓ સૂક્ષ્મરૂપે થઈને આવે તો આકાશનો એક પ્રદેશ અવગાહન આપે. એવો અવગાહન આપવાનો આકાશમાં બેહદ સ્વભાવ છે. આકાશના એક પ્રદેશમાં એટલું બેહદ સામર્થ્ય છે કે અનંતા પુદ્ગલને અનંતા જીવના પ્રદેશોને

તથા ધર્માસ્તિ, અધર્માસ્તિ તથા કાળના એક એક પ્રદેશને એકીસાથે અવગાહન આપી શકે છે. એ આકાશનો એક પ્રદેશ છે કેવડો ?–કે એક પરમાણુ રહે એટલા માપવાળો જ. છતાં તેમાં અનંતને અવગાહન આપવાનું અમાપ સામર્થ્ય છે. એ વાત કહીને કહેવું છે તો એ કે એ બધાને જાણનાર જીવની એક સમયની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય કેટલું ? એક સમયની જ્ઞાનપર્યાય અનંતા અનંતા પદાર્થોને ભૂત–ભવિષ્યની પર્યાય સહિત જાણી લ્યે છે. એ જાણવાના સ્વભાવની અમર્યાદિતતા–અમાપતા કેટલી ? અરે ! જડ એવા આકાશનો એક પ્રદેશ અનંતા રજકણને અવગાહન આપી શકે તો તેના જાણનાર જીવના જાણવાના સ્વભાવનું સામર્થ્ય કેટલું ? આહાહા ! જાણનાર જીવના સ્વભાવની અમર્યાદિતતા, અમાપતા, અપરિમિતતા, અનંતતાનું કહેવું શું ? ગજબ વાત છે ! આ તો પોતાનું હિત કરવા માટે વાત છે. બીજાને સમજાવી દેવા માટે નથી પણ પોતાના જ્ઞાનનું સામર્થ્ય કેટલું છે તે પોતે સમજી, વિશ્વાસમાં લઈને અંદર સમાવા માટે છે. શ્રીમદ્ કહે છે ને ?–કે સમજ્યા તે સમાઈ ગયા, કહેવા રોકાયા નહિ. આહાહા ! આવા સ્વભાવનું મહાત્મ્ય આવે એ પર્યાય અંદર ગયા વિના રહે જ નહિ, ભગવાનને ભેટે જ.

* આત્મા જ્ઞાયકભાવે ત્રિકાળ અસ્ખલિત રહ્યો છે. પુણ્ય–પાપ આદિ નવતત્ત્વોના ભેદરૂપ ભાવમાં આવ્યો જ નથી. સર્વાર્થસિદ્ધિનો દેવ થયો છતાં જ્ઞાયકભાવ તેમાં આવ્યો નથી અને સાતમી નરકનો નારકી થયો છતાં જ્ઞાયકભાવ તેમાં આવ્યો નથી. જ્ઞાયકભાવ તો સદા અસ્ખલિતરૂપે જ રહ્યો છે. અરે ! કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ દશા પ્રગટી છતાં તેમાં જ્ઞાયકભાવ આવતો નથી. ધ્રુવજ્ઞાયકભાવ તો સદાકાળ અસ્ખલિત જ રહ્યો છે. સદાકાળ અસ્ખલિત શબ્દ ઉપર વજન છે. ચાર ગતિઓના દુઃખમાં પડયો હોવા છતાં આનંદસ્વરૂપથી જ્ઞાયકભાવ સદાકાળ અસ્ખલિત રહ્યો છે. ભાઈ ! તને સંસારના દુઃખથી થાક લાગ્યો હોય ને તેનાથી છૂટવું હોય તો એક જ્ઞાયકભાવના અસ્ખલિત સ્વભાવ સમીપ જા ! સર્વકાળે અસ્ખલિત એક જીવસ્વભાવ છે જે કદી નવતત્ત્વના ભેદોમાં જતો નથી ને એકરૂપતા છોડતો નથી. એવા જ્ઞાયકભાવની સમીપ જઈને અનુભવ કરતાં એ નવ પર્યાયભેદો જૂઠા છે–અભૂતાર્થ છે ને જ્ઞાયકભાવ એક જ સાચો છે, ભૂતાર્થ છે.

* એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી તેમ જેને દેહ–મન–વાણી, માન–મોટાઈ, ધન–વૈભવ આદિનો મહિમા આવે છે તેને આનંદસ્વરૂપ આત્માનો મહિમા આવી શકે નહિ. કેમ કે જેને સંસારભાવો વિસ્મયકારી લાગે–મહિમા આવે તેને સ્વભાવભાવનો મહિમા આવી શકે

નહિ. જેને સ્વર્ગની સંપદા, ઇન્દ્રાણી આદિમાં સુંદરતા લાગે છે તેને આત્માની સુંદરતા ભાસતી નથી. અરે! મુનિઓને પેશાબ કરતાં કરોડોના હીરાના મોટા ચરૂ નજરે પડે છતાં જરીએ મહિમા આવતી નથી. જેમ ધૂળ પડી હોય તેમ તે હીરા પણ ધૂળ સમાન લાગે છે. અરે! ચક્રવર્તી આદિને સ્ફટીકરત્નના બંગલા હોય છે પણ એની જેને મહિમા આવે છે તેને ચૈતન્યરત્નની મહિમા આવી શકે નહિ. જેને ચૈતન્યરત્નનો મહિમા આવે છે તેને બહારના મણિરત્ન આદિનો મહિમા આવતો નથી. અરે! તીર્થંકર ગોત્ર બંધાય એવા શુભરાગ આવે છતાં તેનો મહિમા આવતો નથી. જેને ચૈતન્યરત્નાકર પ્રભુનો મહિમા આવ્યો છે તેને સંસારભાવોનો મહિમા છૂટી જાય છે ને આત્માની સમીપમાં જાય છે.

* પ્રશ્નઃ– આ સાંભળેલું યાદ રહેતું નથી તેનું શું કરવું?

  ઉત્તરઃ– કોઈએ સરખાઈની આકરી ગાળ દીધી હોય તે યાદ રહે છે ને! તો ગુણ યાદ કેમ ન રહે! પણ પોતાને ખરી દરકાર નથી તેથી યાદ રહેતું નથી. દરકાર હોય તો યાદ રહે જ.

* જેમ પાષાણ ને સોનું ભેગા દેખાય છે છતાં તે જુદા જ છે. તેમ વિભાવ અને જ્ઞાયક આત્મા ભેગા દેખાય છે છતાં તે જુદા જ છે.

* પ્રશ્નઃ– સોનું તો ચળકે છે એટલે પથ્થર ને સોનુ જુદા જણાય છે પણ 'વિભાવ ને જ્ઞાયકસ્વભાવ જુદા કેમ દેખાય?

  ઉત્તરઃ– જ્ઞાયક પણ ચળકે જ છે ને! બધામાં જ્ઞાન જ ચળકે છે. જ્ઞાનની સત્તામાં જ આ બધું છે તેમ જણાય છે ને! સાચા મોતી અને ખોટા મોતી અથવા સાચા હીરા અને ખોટા હીરા ભેગા હોવા છતાં પણ તેનો ખરો પારખું હોય તે તેમાંથી સાચા મોતી–હીરાને જુદા પાડી લે છે. તેમ પ્રજ્ઞા વડે વિભાવ ને સ્વભાવ જુદા જાણી શકાય છે.

* પ્રશ્નઃ– મિથ્યાત્વ–આસ્રવભાવને તોડવાનો વજ્રદંડ શું?

  ઉત્તરઃ– ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ છે તે વજ્રદંડ છે. તેનો આશ્રય લેવાથી મિથ્યાત્વ–આસ્રવભાવ તૂટે છે. પહેલામાં પહેલું કર્તવ્ય રાગથી ભિન્ન પડીને જ્ઞાયકભાવની દ્રષ્ટિ કરવી એ છે. એ કાર્ય કર્યા વિનાના વ્રતાદિ બધું થોથા છે.

* જે ન થઈ શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતા છે. દેહ આદિના કાર્યો હું કરી શકું છું, હાથ–પગ આદિને હું હલાવી શકું છું, પરદ્રવ્યોના કાર્યને હું કરી શકું છું, એ માન્યતા મૂર્ખતા છે. પરજીવોને સુખી કે દુઃખી કરી શકું છું, પરજીવોને બચાવી કે મારી શકું છું, દેશ–કુટુંબ આદિની સેવા હું કરી શકું છું એવી બુદ્ધિ તે મૂર્ખતા છે. જે પરદ્રવ્યો છે તેના કાર્ય થઈ શકતા નથી

છતાં તેને કરવાની બુદ્ધિ તે મિથ્યાત્વભાવની મૂર્ખતા છે અને જે કાર્ય પોતાથી જ થઈ શકે છે એવા પોતાના સ્વરૂપની સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન, સાચું આચરણ એ કરતો નથી એ મૂર્ખતા છે.

* મીરાબાઈના નાટકમાં મીરાબાઈ રાણાને કહેતી કે "હું તો ઘેલી થઈ રાણા, સાધુડાના સંગમાં ઘેલી થઈ"—એમ અહીં ધર્મી જીવ કહે છે હું તો આત્માના સંગમાં ઘેલો થયો છું–સ્વભાવના સંગમાં પાગલ થયો છું, જગત મને પાગલ કહે તો કહો. શાસ્ત્રથી જ્ઞાન થાય નહિ, ગુરુથી જ્ઞાન થાય નહિ, નિમિત્તથી જ્ઞાન થાય નહિ પણ પોતાના આત્માથી જ આત્માનું જ્ઞાન થાય છે—એમ કહેતાં પાગલ એવું જગત મને પાગલ કહે તો કહો પણ ભગવાન સર્વજ્ઞ ને સંતો તો આત્માથી જ આત્માનું જ્ઞાન થાય તેમ કહે છે.

* અહા! ચૈતન્યપ્રભુ સમીપ બિરાજે છે એની ઉપર નજર નહિ અને પર્યાય ઉપર નજર–દૃષ્ટિ રાખવાથી ચૈતન્યપ્રભુ પ્રગટ થાય નહિ. ભલે પર્યાયમાં જાણપણું ઘણું ખીલ્યું છે અને વ્યવહાર શ્રદ્ધા આદિ પર્યાયમાં થયું છે પણ એ પર્યાય ઉપરની દૃષ્ટિ રાખ્યે ચૈતન્યપ્રભુના દર્શન નહિ થાય. આ તો પર્યાય ઉપરની દૃષ્ટિથી મરી જાય ત્યારે દ્રવ્યની દૃષ્ટિ થાય એવી વાત છે! જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્રજ્ઞાનનો વિકાસ થયો છે તેનું પણ લક્ષ છોડી દે! એ જ્ઞાન તે આત્માનું જ્ઞાન નથી. પરસત્તાવલંબી જ્ઞાનમાં જેને હોંશ આવે છે એ જ્ઞેયનિમગ્ન છે, તેને જ્ઞાનસ્વરૂપમાં મગ્નતા નહિ આવે. જેને આવડતના અભિમાન છે તે બધાં જ્ઞેયનિમગ્ન છે, જ્ઞાનનિમગ્ન નથી. આ તો ભવથી છુટકારાની અપૂર્વ વાતો છે. પ્રભુ! જ્ઞાયકભાવમાં દૃષ્ટિને થંભાવ! દ્રવ્યમાં અનંતુ સામર્થ્ય ભર્યું છે ત્યાં દૃષ્ટિને થંભાવ! નિગોદથી માંડીને કેવળજ્ઞાન ને સિદ્ધદશા સુધીની કોઈ પર્યાય શુદ્ધદૃષ્ટિનો વિષય નથી. શુદ્ધદૃષ્ટિનો વિષય અખંડ દ્રવ્યસામાન્ય છે. ત્યાં તારી દૃષ્ટિને થંભાવ–ઝુકાવ! દૃષ્ટિને દ્રવ્યમાં જ થંભાવવાથી આગળ વધાય છે.

* ભાઈ! તું સંસારના પ્રસંગોને યાદ કર્યા કરે છે પણ તું પોતે પૂર્ણાનંદનો નાથ અનંત ગુણરત્નોથી ભરેલો મહાપ્રભુ સદાય એવો ને એવો જ છો, તેને યાદ કર ને! બાયડી, છોકરા આદિને આમ રાજી રાખ્યા હતા ને આમ ભોગ વિલાસ મોજ મજા માણી હતી તેમ યાદ કરે છે, સ્મરણ કરે છો, પણ એ તો બધા તને દુઃખના કારણો છે, સુખનું કારણ તો તારો સ્વભાવ છે. તે સદાય શુદ્ધરૂપે એવો ને એવો જ પડયો છે. ચારગતિઓના ભ્રમણ કરવા છતાં તારો સ્વભાવ સુખસાગર એવો ને એવો જ ભર્યો પડયો છે. તેને યાદ કર ને! તેનું સ્મરણ કર ને! એ એક જ તને સુખ–શાંતિનું કારણ થશે. ❀ ❀ ❀

## વિવિધ સમાચારઃ-

પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાંતિમાં બિરાજી રહ્યાં છે. સવારે શ્રી સમયસારનાં કર્તા-કર્મ અધિકાર ઉપર તથા બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આત્મભાવનાઉદ્યોતકારક અપૂર્વ પ્રવચનો ચાલી રહ્યાં છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી પ્રવાસ કાર્યક્રમ નીચે મુજબ છે.

| | | | | |
|---|---|---|---|---|
| અમદાવાદ : | માગશર સુદ પાંચમ | સોમવાર | તા. ૪-૧૨-૭૮ | ૧ દિવસ |
| વડોદરા : | માગશર સુદ છઠ્ઠ થી | મંગળવાર | તા. ૫-૧૨-૭૮ થી | |
| | દશમ | થી શનિવાર | તા. ૯-૧૨-૭૮ | ૫ દિવસ |
| પાલેજ : | માગશર સુદ અગિયારસ | રવિવાર | તા. ૧૦-૧૨-૭૮ થી | |
| | થી વદ ત્રીજ | થી રવિવાર | તા. ૧૭-૧૨-૭૮ | ૮ દિવસ |
| અમદાવાદ : | માગશર વદ ચોથ થી | સોમવાર | તા. ૧૮-૧૨-૭૮ થી | |
| | અગિયારસ | થી સોમવાર | તા. ૨૫-૧૨-૭૮ | ૮ દિવસ |

તા. ૨૬-૧૨-૭૮ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢ પધારશે.

*** ભાવનગરની શામળદાસ કોલેજના અર્ધમાગધી ભાષાના પ્રોફેસર શ્રી અરુણભાઈ શાંતિલાલ જોષી 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક વિશે પૂજ્ય ગુરુદેવ પ્રતિ પોતાના પત્રમાં લખે છે કેઃ-**

આપના કરકમલ દ્વારા પ્રાપ્ત થયેલ પુસ્તક 'બહેનશ્રીનાં વચનામૃત' એટલે 'રત્નોનો ખજાનો' બેકન નામનો વિદ્વાન જેને 'ચાવીને પચાવવા જેવું પુસ્તક' ગણે છે તેવું અમૂલ્ય પુસ્તક. પ્રત્યેક પેરેગ્રાફ એક એક રત્ન જેવો છે. સંસ્કૃતમાં કહેવામાં આવ્યું છે કે પૃથ્વી પર ત્રણ રત્નો છે; જલ, અન્ન અને સુભાષિત. પત્થરના ટુકડાઓને તો મૂર્ખ માણસો જ રત્ન કહે છે. આમ હોવાથી જ મને આ પુસ્તક રત્નોના ખજાના જેવું લાગ્યું છે. એક એક વચનામૃત જીવનના માર્ગ ઉપર પ્રકાશ પાથરી દેનારું છે. જેમ જેમ વાંચતો જાઉં છું એમ એમ જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય છે અને મારાં કોઈ સુકૃતથી મને આવો લાભ મળ્યો એમ લાગે છે. પૂજ્ય બહેનશ્રીએ આવી સુંદર વાણી વહાવીને માનવજાત ઉપર ખરેખર

**કલ્યાણની વર્ષા કરી છે. હું પણ એ વર્ષામાં ભીંજાવાનો અનુભવ કરી રહ્યો છું. —એ મારું સદ્‌ભાગ્ય. એમને મારા આદરપૂર્વક વંદન.**

* શ્રી વીતરાગ–વિજ્ઞાન વિદ્યાપીઠ પરીક્ષા બોર્ડ જયપુરની પરીક્ષાઓ તારીખ ૫, ૬ તથા ૭ ફેબ્રુઆરી ૧૯૭૯ ના રોજ થશે. વિગતવાર કાર્યક્રમ રોલનંબરોની સાથે મોકલવામાં આવશે. હજી સુધી પરીક્ષાનું પ્રવેશફોર્મ નહિ મોકલી શકનારાઓ તારીખ ૨૦ નવેમ્બર સુધીમાં તથા ત્યાર બાદ લેઇટ–ફી સાથે તારીખ ૩૦ નવેમ્બર સુધીમાં પોતાના ફોર્મ મોકલી શકે છે.

## વડોદરા નગર મધ્યે શિલાન્યાસ મહોત્સવઃ–

માગશર સુદ ૧૦ ને શનિવાર, તા. ૯–૧૨–૭૮ ના રોજ ૧૧ વાગ્યે વડોદરા શહેરમાં શ્રી આદિનાથ દિગંબર જિનમંદિર, શ્રી મહાવીર કુંદકુંદ સ્વાધ્યાય ભવન તથા શ્રી કુંદકુંદ વિશ્રાંતિગૃહની શિલાન્યાસવિધિ, પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, શ્રી રમણિકલાલ અમૃતલાલ શાહ (રોનક ઈન્ડસ્ટ્રીઝવાળા) તથા શ્રી ઝવેરી શાંતિલાલ ચીમનલાલ શાહ મુંબઈવાળાના શુભ હસ્તે કરવામાં આવશે. આ પાવન પ્રસંગ નિમિત્તે પૂજ્ય ગુરુદેવશ્રી તા. ૫–૧૨–૭૮ થી તા. ૯–૧૨–૭૮ સુધી વડોદરામાં જિનાગમરહસ્યોદ્‌ઘાટક અપૂર્વ પ્રવચનો આપશે. પ્રશમમૂર્તિ પૂજ્ય બેનશ્રી ચંપાબેન, શ્રી શાંતાબેન પણ આ મંગલમય પ્રસંગે પધારશે તથા શ્રી લાલચંદભાઈ મોદી, શ્રી ખીમચંદભાઈ શેઠ તથા શ્રી બાબુભાઈ મહેતા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. આ માંગલિક પ્રસંગે મુમુક્ષુ ભાઈ–બહેનોને વડોદરા પધારી જિનેન્દ્ર શાસનની અભિવૃદ્ધિ કરવા હાર્દિક આમંત્રણ છે.

–ચંદુલાલ પોપટલાલ કોટડીયા, પ્રમુખ
શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, વડોદરા.

**આવશ્યકતા છેઃ-** એક પૂજારીની કે જે જિનમંદિરમાં, સમવસરણ મંદિરમાં તથા માનસ્તંભજીમાં બિરાજમાન જિનેશ્વર ભગવંતોની પૂજા આદિ નિયમિતપણે તથા વ્યવસ્થિતરૂપે કરી શકે. પગાર યોગ્યતાનુસાર.

**મંત્રી, શ્રી દિગંબર જિનમંદિર,**
**પંચનાથ પ્લોટ, રાજકોટ (સૌરાષ્ટ્ર)**

## વૈરાગ્ય-સમાચારઃ-

* સોનગઢ નિવાસી શ્રી ખીમચંદભાઈ છોટાલાલ ઝોબાળિયા ( બ્ર. ચંદુભાઈ વગેરેના પિતાશ્રી ) નું આસો વદ ૧૪, સોમવારે, રાત્રે ( ૭૫ વર્ષની વયે ) અવસાન થયું છે. શ્રી ખીમચંદભાઈએ પૂજ્ય ગુરુદેવની કલ્યાણવર્ષિણી કૃપાભીની મંગલ છત્રછાયામાં —૩૬ વર્ષના દીર્ઘ સમાગમમાં-સારો લાભ લીધો હતો. તેમને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે પરમ ભક્તિ, વીતરાગ દેવ-ગુરુ ધર્મની દૃઢ શ્રદ્ધા, પૂજ્ય ગુરુદેવની શુદ્ધાત્મસ્પર્શી અમૃતવાણીનો પ્રેમ તથા શાસ્ત્રસ્વાધ્યાયનો સારો રસ હતો, 'હું એક માત્ર જ્ઞાયક છું' —એ અંતઃતત્ત્વની રુચિ તથા સનાતન સત્ય વીતરાગ માર્ગે ચઢાવનાર પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અપાર ઉપકૃતતાનો અહોભાવ તેઓ વારંવાર વ્યક્ત કરતા હતા.

* ચુડાનિવાસી શ્રી પ્રેમચંદભાઈ ઓઘડભાઈ ગોસળિયા ( ઉંમર વર્ષ ૭૫ ) નું કારતક વદ ૩, શુક્રવારના રોજ ચુડા મુકામે અવસાન થયું છે. તેમણે જીવનના છેલ્લા પાંચ વર્ષમાં પૂજ્ય ગુરુદેવના સમાગમનો સારો લાભ લીધો હતો. તેમને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઘણી ભક્તિ, પ્રવચન-શ્રવણનો ઘણો ઉલ્લાસ તથા જ્ઞાયકતત્ત્વ સમજવાની સારી જિજ્ઞાસા પ્રગટ થઈ હતી. શ્રી બાહુબલીજી વગેરે તીર્થધામોની યાત્રાની ભાવના ઘણા ઉલ્લાસપૂર્વક ભક્તિ ભાવે પૂરી કરી હતી.

* વિંછીયાના રહીશ ( હાલ મુંબઈ ) શ્રી વાડીલાલ મોહનલાલ શાહ ( ભારત ઈલેકટ્રોનીકસ કોર્પોરેશનવાળા, વર્ષ ૩૭ ) ફક્ત પાંચ દિવસની કમળીની બિમારીમાં એકાએક તા. ૧૨-૧૧-૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે તેમજ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યેના ભક્તિભાવથી 'કહાન ઈલેકટ્રોનીકસ કં.' મારફતે ઘાટકોપર ભજનમંડળીની ભક્તિની 'ચિંતન' 'ગુરુભક્તિ' તથા 'મંથન' કેસેટ બહાર પાડી હતી તથા 'વચનામૃતો' અને 'નેમ-વૈરાગ્ય' કેસેટ બહાર પાડવાની તેમને ભાવના હતી.

* રાજકોટના રહીશ ( હાલ મલાડ ) નયનતારા પ્રફુલરાય શીરાજભાઈ ( વર્ષ ૧૫ ) તા. ૨૪-૧૦-૭૮ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

* વાંકાનેરનિવાસી દુધીબેન અમૃતલાલ પદમશી ( વર્ષ ૭૦ ) કારતક સુદ ૧૩ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા.

* સોનગઢનિવાસી શ્રી જશુભાઈ ગંભીરદાસ ( વર્ષ ૩૫ ) ચાર-પાંચ દિનની ટૂંકી બિમારીમાં એકાએક તા. ૫-૧૧-૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નાનપણથી સોનગઢમાં રહેતા હતા ને પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ લેતા હતા. તેમને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણી શ્રદ્ધાભક્તિ હતા.

—સદ્‌ગત આત્માઓ વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. * * *

## ❀ આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો ❀

૧. શ્રી આચાર્યદેવ કહે છે કે જેને દર્શનની વિશુદ્ધિ થઈ ગઈ છે તે પવિત્ર આત્મા મુક્ત જ છે–એમ અમે માનીએ છીએ. કેમકે દર્શનશુદ્ધિને જ મોક્ષનું મુખ્ય કારણ માનવામાં આવ્યું છે.

( શ્રી શુભચંદ્ર–આચાર્ય–જ્ઞાનાવર્ણ ૬–૫૭ )

૨. ભેદ–વિજ્ઞાની મહાત્મા ચૈતન્યસ્વરૂપના પ્રતિઘાતક એવા કર્મોના સમૂહનો ક્ષણમાત્રમાં ક્ષય કરી નાખે છે; કેવી રીતે ?–કે જેવી રીતે અગ્નિ ઘાસના ઢગલાને ક્ષણમાત્રમાં ભસ્મ કરી નાખે છે તેવી રીતે. ( તત્ત્વજ્ઞાન તરંગિણી ૮–૧૨ )

૩. હે ભવ્ય જીવ ! તું આ દેહ વિષે બિરાજમાન એવી વસ્તુ શું છે તેને જાણ. કેવી છે તે વસ્તુ ? લોકમાં નમન કરવા યોગ્ય ઇન્દ્રાદિક છે. તેના વડે નમન કરવા યોગ્ય તથા ધ્યાવવા યોગ્ય છે તથા જે સ્તુતિ કરવા યોગ્ય તીર્થંકરાદિક છે તેમને સ્તુતિ કરવા યોગ્ય છે એવી જે કોઈ વસ્તુ છે તે આ દેહને વિષે જ બિરાજમાન છે. તેને યથાર્થ જાણો.

( શ્રી કુંદકુંદ–આચાર્યદેવ, મોક્ષપાહુડ, ગા. ૧૦૩ )

૪. ભેદજ્ઞાનીના ચિત્તમાં, શુદ્ધ આત્મદર્શનથી રહિત આ સર્વ જગત ઉન્મત્ત, ભ્રાંતિયુક્ત, બન્ને નેત્ર રહિત, દિશા ભૂલેલું, ગાઢ નિદ્રામાં સુતેલું, અવિચારી, મૂર્છા પામેલું, જળના પ્રવાહમાં તણાતું, બાળકના જેવી અજ્ઞાન અવસ્થાવાળું તથા મોહરૂપી ઠગોથી પીડિત દશા પામેલા જેવું; ગાંડા જેવું અને મોહઠગોએ પોતાને આધીન કરેલું, વ્યાકુળ થયેલું જણાય છે.

( શ્રી તત્ત્વજ્ઞાન તરંગિણી, અ. ૬, શ્લોક ૨ )

૫. ત્રણ લોકમાં આ જીવને જે કાંઈ પણ સુખ અથવા દુઃખ ( સંયોગીક સુખ–દુઃખ ) થાય છે તે બધું દૈવના પ્રભાવથી થાય છે, અન્યથી નહિ. એમ સમજીને જે શુદ્ધ બુદ્ધિવાળો પુરુષ છે તે કદી પણ પોતાના મનની શાંતિનો ભંગ કરતો નથી.

( શ્રી અમિતગતી–આચાર્ય, સુભાષિત રત્નસંદોહ, શ્લોક ૩૬૭ )

૬. જે ઇન્દ્રિયોના વિષયોથી તથા ત્રસ–સ્થાવર જીવોની હિંસાથી વિરક્ત નથી, પરંતુ જિનેન્દ્રદેવ દ્વારા કહેલાં પ્રવચનનું શ્રદ્ધાન કરે છે તે અવિરત સમ્યગ્દૃષ્ટિ છે.

( ગોમ્મટસાર–જીવકાંડ, ગા. ૨૯ )

૭. જે ધર્માત્મા દાતાઓથી આપવામાં આવતાં દોષ રહિત ભોજનમાત્રને ગ્રહણ કરીને પણ લજ્જાને પામે છે તે સંયમધારી યતિ શું સંયમને નાશ કરવાવાળા પરિગ્રહને ગ્રહણ કરે ? ( કદાપિ નહિ. )

( શ્રી અમિતગતીઆચાર્ય–તત્ત્વભાવના, શ્લોક ૧૦૪ )

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ

| | | |
|---|---|---|
| ૭૩૧ | શ્રી દેવાંગ ધીરજલાલ દડીયા | મુંબઈ |
| ૭૩૨ | શ્રી રજનીકાંત પોપટલાલ વોરા | મુંબઈ |
| ૭૩૩ | શ્રી અનિલકુમાર અનોપચંદ ઉદાણી | મુંબઈ |
| ૭૩૪ | શ્રી નિતીનકુમાર મનસુખલાલ ઉદાણી | મુંબઈ |
| ૭૩૫ | શ્રી ભરતકુમાર વાડીલાલ ઉદાણી | મુંબઈ |
| ૭૩૬ | શ્રી મોતીબેન મહાસુખલાલ દોશી | મુંબઈ |
| ૭૩૭ | શ્રી હર્ષદભાઈ પોપટલાલ વોરા | મુંબઈ |
| ૭૩૮ | શ્રી રમેશભાઈ પોપટલાલ વોરા | મુંબઈ |
| ૭૩૯ | શ્રી નરેન્દ્ર પોપટલાલ વોરા | મુંબઈ |
| ૭૪૦ | શ્રી ઇન્દિરાબેન શાહ | મુંબઈ |
| ૭૪૧ | શ્રી જે. પી. કોઠારી | મુંબઈ |
| ૭૪૨ | શ્રી રસીકલાલ શાંતિલાલ કામદાર | મુંબઈ |
| ૭૪૩ | શ્રી પ્રફુલચન્દ્ર દલીચંદ અજમેરા | મુંબઈ |
| ૭૪૪ | શ્રી શશીકાંત કેશવલાલ તુરખીયા | મુંબઈ |
| ૭૪૫ | શ્રી ભોગીલાલ મગનલાલ ખંધાર | મુંબઈ |
| ૭૪૬ | શ્રી બાબુભાઈ હેમચંદ પરીખ | મુંબઈ |
| ૭૪૭ | શ્રી હર્ષદભાઈ એન. શાહ | સીકંદરાબાદ |
| ૭૪૮ | શ્રી પી. ડી. બોરીચા | મુંબઈ |
| ૭૪૯ | શ્રી બીપીન પ્રેમચંદ શાહ | મુંબઈ |
| ૭૫૦ | શ્રી નવીન લક્ષ્મીચંદ શાહ | મુંબઈ |
| ૭૫૧ | શ્રી સુનંદાબેન એચ. ભણસાણી | અમદાવાદ |
| ૭૫૨ | શ્રી ટી. સી. પાટડીયા | મુંબઈ |
| ૭૫૩ | શ્રી ચીમનલાલ નેમચંદ શ્રોફ | મુંબઈ |
| ૭૫૪ | શ્રી પ્રતાપરાય વનમાળીદાસ શાહ | મુંબઈ |
| ૭૫૫ | શ્રી ચંદુલાલ હીરાચંદ કામદાર | મુંબઈ |
| ૭૫૬ | શ્રી આર. એન. કામાણી | મુંબઈ |
| ૭૫૭ | શ્રી શાંતિલાલ જેઠાલાલ શાહ | મુંબઈ |
| ૭૫૮ | શ્રી જયંતિભાઈ ચત્રભુજ કામદાર | મુંબઈ |
| ૭૫૯ | શ્રી હીરાલાલ રાયચંદભાઈ ગાંધી | મુંબઈ |
| ૭૬૦ | શ્રી સુમનભાઈ પી. શાહ | પુના |

આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/– (ક્રમશઃ)

Licence No. 3
'Licensed to post withouta prepayment'

**If not delivered please Return to:**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)
PIN: 364250

તંત્રી: **પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર**
પ્રકાશકઃ **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN: 364250**
મુદ્રકઃ **મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય,**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)** પ્રતઃ ૩૯૦૦
**(વાર્ષિક લવાજમઃ રૂા. ૬/-)**